ૐ

સંગીત,

સુબોધ-બિંદુ.

લેખક,

શંકરલાલ મગનલાલ પંડયા.

પ્રકાશક,

છોટાલાલ કાશીરામ પંડયા.

श्री हरिः

" અર્પણ પત્રિકા. "

સદ્‌ગુણ સંપન્ન કૃપાળુ શેઠજી

શ્રીયુત નારાયણદાસ ગોપાળદાસ ભગવાન મથુરાવાળા.

ગઝલ. મુ. સુરત.

નવિન મ્હેં કાવ્યનાં પુષ્પો, દિઠાં મમ મિત્રની પાસે;
ગમ્યાં મુજને ઘણાં તેથી, લિધાં મ્હેં માગિ હુલ્લાસે.
પછી તે પુષ્પને ગુંથી, બનાવ્યો હાર મ્હેં હેતે;
કરૂં અર્પણ હવે કોને, સુશોભિત હાર આ છે તે.
કરૂં અર્પણ પ્રભૂને પણ, બધું અર્પણ કરેલું છે;
હૃદય અરપ્યું હરિને તો, હવે બાકી રહ્યું શું છે ?
કરત પિતુ માતને અર્પણ, અરે ! પણ સ્વર્ગમાં તે છે;
અહા ! મમ શેઠને અરપું, ઘણા લાયક સુજન તે છે.
હરિના ભક્ત છે સાચા, વળી પરમાર્થમાં પુરા;
દયાળું દીલ છે જેનું, સદાચરણે સદા શુરા.
ગણી બંધૂ મને પાળ્યો, પ્રથમથી હાથ ઝાલીને;
સદાચરણી બનાવ્યો છે, નિતીનું જ્ઞાન આલીને.
ઘણા ગુણવાન ને જ્ઞાની, તમે છો શેઠજી મ્હારા;
કરૂં અર્પણ તમોને હું, સ્વિકારો કાવ્યની માળા.
નહિં ઉપકાર વળશે પણ, સ્મરણનું ચિન્હ આ ગણજો;
સદા સુખ સંતતી પામી, સુકિર્ત્તી સ્થંભ તો ચણજો.

લી. આપનો છોટાલાલ કાશીરામ પંડયાના આશીર્વાદ.

પ્રકાશકની પ્રસ્તાવના.

પ્રિય પાઠક !

આટલા લઘુ પુસ્તકની પ્રસ્તાવના હોયજ નહિં. તોપણ હું બે બોલ લખવાની રજા લઉં છું.

"પાપી પિતા અને સદ્‌ગુણી સીતા' તથા "જ્ઞાન પ્રવાહ" ના લેખક મ્હારા પ્રિય મિત્ર શંકરલાલ મગનલાલ પંડયા હળદરવાસવાળાની નોટબુક જોતાં તેમાંની કવિતાઓ મ્હને ઘણીજ પ્રિય થઇ પડવાથી તે એક લઘુ પુસ્તકના આકારમાં છપાવી પ્રસિદ્ધ કરવાની મ્હારી પ્રબળ ઇચ્છા થવાથી મ્હેં મ્હારા પ્રિય મિત્ર શંકરલાલની રજા લેઇ આ પુસ્તક બહાર પાડયું છે. તેમાંની ભક્તિ, નિતી, તથા વૈરાગ્યની કવિતાઓ વાંચક વર્ગને પસંદ પડશે તો મ્હારી ઇચ્છા સફળ થયેલી સમજીશ.

આ પુસ્તકમાં હસ્ત દોષ વિગેરેથી ભુલ થએલી હોય તો દરગુજર કરશોજી.

જયેષ્ઠની પુર્ણીમા
વિક્રમાર્ક ૧૯૬૭
મુંબઈ.

લી૦ શુભેચ્છક,
છોટાલાલ કાશીરામ પંડયા.
ડભાણવાળા.

શ્રી હરિઃ

સંગીત

સુબોધ બિંદુ.



ગણપતિ સ્તુતિ.

વસંતતિલકા છંદ.

આરંભતાં પ્રથમ હું, પડુ તૂજ પાય,
ગૌરી કુમાર ગણરાય, થજો સહાય;
મ્હારી સ્વિકાર કરજો, મનની સુ શેવા,
પ્રીતે નમું તમ પદે, ગણનાથ દેવા. ૧

સરસ્વતિની સ્તુતિ.

ગીતિ.

મયુર વાહની માતા, દેવી દયાળી સરસ્વતિ છે તું;
મમ રસનાએ વસજો, બે કર જોડી નમન કરૂં છું હું. ૧

પ્રભુ સ્તુતિ.

પુષ્પિતાગ્રા છંદ.

જય જય વિભુજી, દયાળુ દેવા,
ભય હર ભૂધર હું કરૂં સુ શેવા;
તમ દરશનથી સદા સુખી છું,
શરણ તજે હરિ હું ઘણો દુઃખી છું. ૧
સકળ જગતને બનાવનારા,
ગુણ ગણિ કેમ શકાય નાથ તારા;
અજર અમર છો તમે કૃપાળુ,
કર હરિ શંકર તારજો દયાળું. ૨

શિવ સ્તુતિ.

માલિની છંદ.

જય જય જય જોગી, શીવ કૈલાસ વાસી,
હર હર હર ભોળા, ભાંગના છો વિલાસી;

ભભુત સરવ અંગે, નાથ આપે લગાવી,
જળહુળમય જ્યોતી, જોગની છે જગાવી. ૧
કર કમળ વિષે તો, ડાક ત્રીશૂળ ધાર્યાં,
શિર પર સ્વરગેથી, આવિ ગંગા પધાર્યાં;
ગણપતિ ગજ દંતા, આપ ખોળે બિરાજે,
હિમગિરિ તનયા તો, વામ અંગેજ છાજે. ૨
ત્રિનયન તમને છે, તાપસી ત્રીપુરારી,
વૃષભપર સવારી, આપની સૂખકારી;
સકળ જગત દેવો, ધ્યાન તારૂં ધરે છે,
રવિ શશિ ઋષિઓ સૌ, સ્તૂતિ તારી કરે છે. ૩
સ્મરણ તમ કરેથી, પાપ સૌ નાશ થાયે,
સકળ ભય તજાયે, આપને જો ભજાયે;
શરણ તમ તણું છે, પાર્વતી નાથ મારે,
તમ વિણ કર ઝાલી, તાતજી કોણ તારે? ૪

અંબિકા સ્તુતિ.

વસંતતિલકા છંદ.

અંબા ભવાનિ જગદંબ કરો સહાય,
આરાસુરી મન સદા તમ ભક્તિ ચ્હાય;
હસ્તે ત્રિશૂળ ધરિને અસુરો વિદાર્યા,
સંકષ્ટમાંથી નિજ શેવકને ઉગાર્યા. ૧

હનુમાનની સ્તુતિ.

રાગ ગઝલ—હરિગીતમાં પણ ગવાશે.

વાયુ તનય તમને નમું, હનુમંત છો બળવંતજી;
કીધું પરાક્રમ કારમું, કથતાં ન આવે અંતજી. વા૦ ૧
સાગર કુદી લંકા ગયા, રાક્ષસ અતિ સંહારીઆ;
લંકા લગાડી લ્હાય ને, રાવણ સુતોને મારીઆ. વા૦ ૨
લઈ શોધ સીતાજી તણી, રઘુનાથ પાસે આવીઆ;
છે જાનકી અતિ શોકમાં, એવી ખબર તો લાવીઆ. વા૦ ૩
શ્રી રામની કરૂણા થકી, પથ્થર સમુદ્રે તારીયા;
સૈન્યા ઉતારી સાગરે, સહુ રામ લંક પધારીઆ. વા૦ ૪
અતિ યુદ્ધ રાવણથી થયું, મુર્છીત થયા લક્ષ્મણ અરે;
ગિરિ દ્રોણ લાવીને તમે, મુર્છા ઉતારી હા ! ખરે. વા૦ ૫
રામે દશાનન મારીઓ, સીતા સતીને લાવીઆ;
પુરી મદદ આપે કરી, શ્રી રામને મન ભાવીઆ. વા૦ ૬
અંગે અતિ બળવંત ને, છો બાળ બ્રહ્મચારી તમે;
શ્રી રામના વ્હાલા કહી, સૃષ્ટિ સકળ તમને નમે. વા૦ ૭
દાબી પ્હનોતી પાયથી, દુનિયા તમોને ન્હાય છે;
બજરંગ શ્રી હનુમાનનું, શુભ ગાન શંકર ગાય છે. વા૦ ૮

ગુરૂ સ્તુતિ.

(છોકરાંઓને સ્કુલમાં બોલવાની.)

ભુજંગી છંદ.

નમૂ હું નમૂ હું ગુરૂજી તમોને,
ભણાવી ગણાવી સુધાર્યા અમોને;
હતા ઠોઠ ઠાલા થયા ગૂણવંતા,
અમારી તમોએ હરી સર્વ ચિંતા. ૧
નહિં હું પહેલાં જરા કાંઈ જાણું,
તમારી કૃપાથી હવે સૌ પ્રમાણું;
નહિં પાઠ ભૂલું ગુરૂ જ્ઞાનવંતા,
અમારી તમોએ હરી સર્વ ચિંતા. ૨
શીખી ઇતિહાસો ઘણી વાત જાણી,
બધા દેશની રીતભાતો પ્રમાણી;
હતા આકળા તે થયા ધીરવંતા,
અમારી તમોએ હરી સર્વ ચિંતા. ૩
ભુગોળો ખગોળો ભણી ભેદ જાણ્યો,
ભણાવી નિતી દોષનો અંત આણ્યો;
ન ભૂલું કદીએ ગુરૂ હેતવંતા,
અમારી તમોએ હરી સર્વ ચિંતા. ૪
ગુરૂજી રૂડું જ્ઞાન આપ્યું અમોને,
શિશૂઓ સુ આશીષ આપે તમોને;

ઘણા વર્ષ જીવી થજો કિર્તિવંતા,
અમારી તમોએ હરી સર્વ ચિંતા. ૫

સર્વેની સાથે પ્રભુ સ્તુતિ.

લલિત છંદ.

જય વિભૂ વડા વંદિએ અમે,
સકળ વિશ્વના તાત છો તમે;
તમ દયા થકી આપદા ટળે,
તમ કૃપા વડે ચ્હાય તે મળે. ૧
રવિ શશી ગ્રહો પ્હાડને નદી,
પવન ઝાડને સૃષ્ટિ આ બધી;
અજબ એ કૃતી વિશ્વ બાપની,
વિસરશે નહીં મ્હેર આપની. ૨
સ્મરણ આપનું ના ઘડી કર્યું,
અખુટ પાપનું ભાતુ છે ભર્યું;
કપટ જૂઠમાં જીંદગી ગઈ,
ભજનની નહીં પ્રેરણા થઈ. ૩
ધન જમાવવા ઢોંગ કૈં કર્યા,
છળ પ્રપંચમાં ઠામ ના ઠર્યા;
સકળ દોષની માફિ આપજો,
જય દયાનિધી કષ્ટ કાપજો. ૪

ગોવિંદના ગુણનું ગાન.

બહિર્લાપિકા મનહર છંદ.

શંખ ચક્ર ગદા પદ્મ, કર ધર્યાં કિરતારે,
કમળ વદન જોઇ, હૈયું હરખાય છે;
રક્ષા પાંડવોની કરી, કૌરવોનો કાળ આણ્યો,
લાજ રાખી દ્રૌપદીની, ભારતે ભણાય છે;
લક્ષ્મણને સંગ લઈ, રામરૂપે લંકા ગયા,
મહા ગર્વી રાવણને, માર્યાનું મનાય છે;
ગજને સહાય કરી, પ્રલ્હાદનું દુઃખ હરી,
નખવતી હીર્ણાકસ્ય, હણ્યો એ વંચાય છે. ૧
લાજ રાખી વીદુરની, ભાજી તો ભૂધર જમ્યા,
ઝખી વાત શાસ્ત્રમાં તે, ના કો'થી કે'વાય છે ?
હણીને રાક્ષસો દુઃખ, દેવતાનું હર્યું વ્હાલે,
લઇ હરી નાવ ભવસાગર તરાય છે;
દયાના ભંડાર એ ઉદાર કિરતાર તણું,
રટણ કરે છે તેનું, મહા દુઃખ જાય છે;
વાણી ના પહોંચે મારી, વખાણ વિભૂનાં કરે,
સત્યના બેલી રંગીલો, રણછોડરાય છે. ૨

—⁂—

શંકરના ગુણનું ગાન.

દ્રુતવિલંબિત છંદ.

હરઘડી હર નામ ઉચારશો,
સકળ પાપ અને ભય ટાળશો;
ગણપતી પિતુ, પાર્વતિના પતી,
સુખકરા શિવ શંકર હે મતી. ૧
કર વિષે ડમરૂં વળિ ડાક છે,
ત્રિભુવને હરની અતિ હાક છે;
સરપ કંઠ ધરેલ નિહાળિઆ,
ભભુત અંગ ભરેલજ ભાળિઆ. ૨
શિર પરે નદિ ઉત્તમ ગંગ છે,
ગણપતી ઉમિયા ગણ સંગ છે;
બળદના પર નાથ બિરાજતા,
હિમગિરી તનયા પતિ છાજતા. ૩
તપ કરી શિવનું નર કૈં તર્યા,
ભજનથી સુખિયા જન કૈં કર્યા;
શરણ દેવ અને મુનિ ચ્હાય છે,
શિવ ગુણો દિન શંકર ગાય છે. ૪

માયાનો તિરસ્કાર !

શાર્દૂલવિ૦ છંદ.

લાગી છે હરિ નામની લગન તે, છોડી નહિં છૂટશે,
ભક્તીનો અતિ તેજ તાર પકડયો, તોડયો નહિં તૂટશે;
જા માયા જખમારતી દુર હવે, તારૂં નથી કામરે,
આરાધું ઈશ નામ હેત ધરિને, હારૂં નહિં હામરે. ૧
પૂરીને દુધપાક શાક તજીને, કો ? ખીચડીને જમે,
ભક્તીનું ભલુ ગાન તાન તજીને, તારા થકી કો ? રમે;
ઝાલીને કરમાં દિવો મુરખ કો ? જૈને કુવામાં પડે,
મ્હોટા સાગરને મુકી નહિ કુવે, મોતી કદી ના જડે. ૨

" બસ એક દિને મરવુંજ ખરે ! "

ચઢ ઉતર તોટક છંદની ચાલ.

મન હીત તણી શિખ આ સુણજે, દિલ ચ્હાય ભલે પ્રિય તો ગણજે;
કિરતાર નહિં કયમ યાદ કરે, બસ એક દિને મરવુંજ ખરે.

ધન માલ અને ઘરબાર તજી,
પડશે જવુ હાય વિના મરજી;
સુત નાર કુટુંબ સદા વરજી,
પડશે તુજને જવુ આખરજી.

જયમ દોર તુટેજ પતંગ પડે, જયમ શુષ્ક થયેલું પુષ્પ ખરે;
ત્યમ માન અરે ! મન મૂરખ રે, બસ એક દિને મરવુંજ ખરે

જન જે નિજ હું પદમાં ફરતા,
મન ચ્હાયસુ મોજ સદા કરતા;
નવ કોઇની શિખ રૂદે ધરતા,
પરમેશ્વરથી પણ ના ડરતા.

જન તે પણ કાળ ઝપાટ ચડે, જયમ તેતર ઉપર બાજ ફરે;
નવ યત્ન કરે પણ તે ઉગરે, બસ એક દિને મરવુંજ ખરે.

ધર ધ્યાન શદા ધરણી ધરનું,
નવ કાજ તુ જાણ અરે પરનું;
પર કાજ મહીં જર વાવર તું,
પરનું હિત પ્રાણ જતાં કર તું.

શિખ શંકરની મન ધ્યાન ધરે, કિરતાર નહિં કયમ સ્હાય કરે;
જગનાયકનો ભરૂસો કર રે, બસ એક દિને મરવુંજ ખરે.

"પલકમાં પ્રાણ જાવાનો !"

ગઝલ.

હરિ હરદમ ભજો ભાઈ, પલકમાં પ્રાણ જાવાનો;
કરો સત્કર્મ તો કાંઈ, પલકમાં પ્રાણ જાવાનો. હરિ૰
સગાં સસારનાં છોડી, જીવનના તારને તોડી;
શરિર રૂપ કુંભને ફોડી, પલકમાં પ્રાણ જાવાનો. હરિ૰
મુકી ધન માલને માળા, બગીચા બાગ ફુલવાળા;
તજી સંસારની શાળા, પલકમાં પ્રાણ જાવાનો. હરિ૰

ત્રિયા તન માતને મેલી, પિતાના પ્રેમને ઠેલી;
લઇ પુન્ય પાપની થેલી, પલકમાં પ્રાણ જાવાનો. હરિ૦
મુરખને મિષ્ટ પય દીધું, હઠીલે હાથ ના લીધું;
હળાહળ વિષ હા! પીધું, પલકમાં પ્રાણ જાવાનો. હરિ૦
ઘણી વ્હાલી ગણી માયા, હરિના ગૂણ ના ગાયા;
તજીને કારમી કાયા, પલકમાં પ્રાણ જાવાનો. હરિ૦
નથી તેં ક્રોધને ટાળ્યો, ન પાપી કામને બાળ્યો;
બધો ભવ લોભમાં ગાળ્યો, પલકમાં પ્રાણ જાવાનો. હરિ૦
મનુષ્યા દેહ છે મોંઘો, ગુમાવો કાં ગણી સોંઘો;
અરે શું ઉંઘમાં ઉંઘો, પલકમાં પ્રાણ જાવાનો. હરિ૦
ગુણો ગોવિંદના ગા તું, ભરીલે ભક્તિનું ભાતું;
ખરૂં ફળ ખંતથી ખા તું, પલકમાં પ્રાણ જાવાનો. હરિ૦
ઉરે લ્યો અર્જ અંતરની, સ્વિકારો શીખ શંકરની;
કરોને ભક્તિ ભૂધરની, પલકમાં પ્રાણ જાવાનો. હરિ૦

વૈરાગ્ય વિચાર!

ગઝલ.

મ્હને તું છોડ ઓ માયા, હવે વનવાસ જાવા દે;
ગુફા ગિરનારની ગોતી, અહા! અહલક જગાવા દે. મ્હને.
તજી સંસાર ફળ ખાટું, મધુર ફળ માઇ ખાવા દે;
હરિના નામની હરદમ, લલિત ધુન તો લગાવા દે. મ્હને.

સગાંના સ્નેહને છોડી, પ્રભુથી પ્રીત થાવા દે;
શરીરે રાખ ચોળીને, હવે ધૂણી ધખાવા દે. મ્હને.
અરે સંસાર છે ખોટો, છતાં ફોગટ ફસાવા દે;
જુઠી જંજાળને મેલી, હરિનું ગાન ગાવાદે. મ્હને.
અહોનિશ પ્હાડથી ઝરતાં, ઝરણ જળમાંજ ન્હાવાદે;
મિઠાં ફળ ફૂલ ઝાડથી, સ્વહસ્તે લેઇ ખાવાદે. મ્હને.
તજી પરતંત્રની બેડી, સ્વતંત્ર સદાય થાવાદે;
વદે શંકર વિભૂના નામની બંસી બજાવાદે. મ્હને.

મન સમજ !

ગઝલ.

સમજ મન શિખ દઉં સારી, વિભૂ ના મેલ્ય વિસારી;
ભજન કર ભાવથી ભાઇ, ન સંગે આવશે કાંઈ. સમજ.
ભજનથી પાપ સૌ કાપે, વિદારી દુઃખ સુખ આપે;
પ્રભૂની ભક્તિ કર પ્યારી, અનીતિને સદા ટાળી. સમજ.
કરી ભક્તી કપટ વામે, પ્રભૂની પ્રીત તે પામે;
ન કર તું ચોરિને ચાડી, ભજન કર ભાઇ તું દા'ડી. સમજ.
તજી પરનારની પ્રીતી, સકળથી રાખ તું નીતી;
થશે ઇશ સ્હાય ઓ ભાઈ, વળી પરમાર્થ કર કાંઇ. સમજ.
કહે શંકર સુણી પ્યારા, મનન કર ચિત્ત તું મારા;
હતું તે મ્હેં કહ્યું જે તે, ચતુર જે હોય તે ચેતે. સમજ.

મર્ણ પથારી પર પશ્ચાતાપ !

ગઝલ.

અરે આવ્યો હતો જ્યાંથી, હવે હું ત્યાં જવાનો છું;
તજી આ દેહ પીંજરને, નિરાકારી થવાનો છુ. અરે૰
રહ્યો માયા મહીં રાજી, જીત્યો હું જૂઠની બાજી;
જરા જગનાથ ના જાણ્યા, હવે ત્યાં હારવાનો છું. અરે૰
કરી કાળાં અને ધોળાં, ઉડાવી મોજ દુનિયાની;
કર્યાં જે કર્મ તેનું હું, કડું ફળ ચાખવાનો છું. અરે૰
સગાંના સ્નેહને છોડી, પ્રિયાના પ્રેમને તોડી;
હવે કિરતારના દરબારમાં હાજર થવાનો છું. અરે૰
પ્રભુને કોલ દીધો તો, કરિશ સત્કર્મ સંસારે;
હરિ દરબારમાં તેનો હિસાબજ આપવાનો છું. અરે૰
કમાયો ખૂબ દોલતને, વસાવ્યા મ્હેલ ને માળા;
અરે હું એકલો સઘળું મુકિ અહિંથી જવાનો છું. અરે૰
કર્યું પરમાર્થ ના કૈંએ, ભર્યું ના ભક્તિનું ભાતું;
પ્રભૂની પાસ જૈને હું, હવે શું ? માગવાનો છું. અરે૰
જગતમાં જન્મ લેતાં હા ! હતી બાંધી મુઠી મ્હારી;
ઉઘાડી લેઇને હાપે ! હવે હું તો જવાનો છું. અરે૰

"નકામી જીંદગી એવી."

ગઝલ.

હરિને ના ભજ્યા હેતે, નકામી જીંદગી એવી;
ચતુર થઈને નહિં ચેતે, નકામી જીંદગી એવી. હરિ૦
પ્રભૂનું નામ ના લીધું, ભજનના ભાવથી કીધું;
હરિ પય હાય! ના પીધું, નકામી જીંદગી એવી. હરિ૦
થયો માયાતણો રાગી, કુબુદ્ધિ લેશ ના ત્યાગી;
લગન તો લોભની લાગી, નકામી જીંદગી એવી. હરિ૦
અતી અંધો અભીમાને, શિખામણ ના ધરે કાને;
કહ્યું ના કોઈનું માને, નકામી જીંદગી એવી. હરિ૦
કદાપિ ક્રોધ ના કાપ્યો, રગેરગ કામ છે વ્યાપ્યો;
સદા છળ છાતિયે છાપ્યો, નકામી જીંદગી એવી. હરિ૦
કુકર્મે કાળ છે ગાળ્યો, નહિં ભય મોહમાં ભાળ્યો;
પુરો વ્યભિચારને પાળ્યો, નકામી જીંદગી એવી. હરિ૦
કદી સત્સંગ ના કીધો, ભજનમાં ભાગ ના લીધો;
દગો વિશ્વાસ દૈ દીધો, નકામી જીંદગી એવી. હરિ૦
પ્રમાણિક તંત્રને તોડી, સુસોબત સત્યની છોડી;
જુઠામાં જીંદગી જોડી, નકામી જીંદગી એવી. હરિ૦
રહે છે સ્વાર્થમાં રાચી, કળા પરમાર્થમાં કાચી;
ત્રિયા નયને રહે નાચી, નકામી જીંદગી એવી. હરિ૦
અપંગોને નહિં આપ્યું, ન કોનું કષ્ટ તો કાપ્યું;
દયામાં દીલ ના સ્થાપ્યું, નકામી જીંદગી એવી. હરિ૦

સુખો સંસારનાં લેવા, જમ્યો મિષ્ટાનને મેવા;
કરી ના દેશની શેવા, નકામી જીંદગી એવી. હરિ૦
પુરીને પેટના ખાડા, કહે શંકર થયા જાડા;
હરાયા હોય જયમ પાડા, નકામી જીંદગી એવી. હરિ૦

રણછોડજીની સ્તુતિ.

(બલાહારી રસીયાજી ગીરધારી સુંદર શ્યામ એ રાહ.)

સુખકારી, દુઃખહારી, મોરારી, શ્રી ઘનશ્યામ;
ઓ અવિનાશી, ડાકોરનાવાશી, સ્હાય કરો રણછોડ.
બોડાણા કાજે વ્હાલા, દ્વારિકાં છોડી રે; (૨)
ડંકપુરીમાં પધારી, શ્રી ઘનશ્યામ, ઓ અવિનાશી. ડાકોરના૦
ગંગાબાઇનું વ્હાલા, માન વધાર્યું રે; (૨)
વાલે તોળાયા વનમાળી, શ્રી ઘનશ્યામ, ઓ અવિનાશી. ડાકોરના૦
ગોમતી કેરૂં વ્હાલા, મહાત્મ વધાર્યું રે; (૨)
કિધું સજીવન વારિ, શ્રી ઘનશ્યામ, ઓ અવિનાશી. ડાકોરના૦
શેવક શંકરની વ્હાલા, અરજ સ્વીકારો રે; (૨)
ભક્તિ આપો ગિરધારી, શ્રી ઘનશ્યામ, ઓ અવિનાશી. ડાકોરના૦

મનને શીખામણ.

(રાગ સુંદર સામળીઆ નામ જપીશ નિત્ય તારૂ એ રાગ)

ઓ મનડા મૂરખા, માન કહ્યું રજ મારૂં;
નાહકના ધુળ ખા, અરે થશે શું ? તારૂં. ઓ મનડા મૂરખા૦

પાતાળે ચંચળ થઈ પેસે, પ્હાડ પર પળમાં જઈ બેસે;
આભની ખબરો પણ લેશે, પાણીમાં પણ સ્હેજ પ્રવેશે;
હરિ ભજવું નહિં પ્યારૂં. એ મનડા મૂરખા૦
ચેત ચેત અવસર આ જાયે, હરિ ભજવાથી દુઃખ દુર થાયે;
માયામાં તું કાં લપટાયે, શંકરની જો શીખ મનાયે;
તો ભજ પરમ કૃપાળું. એ મનડા મૂરખા૦

જીવડા જાગીને જો!

(રાગ પઢોરે પોપટ રાજારામના એ રાહ.)

જાગીને જો તું તો જીવડા, ઉંઘને કર અળગી;
આંખ ઉઘાડી થા ઉભો, આગ ચોમેર સળગી. જાગી૦
કામ ક્રોધ મોહ શત્રુએ, બંધ કીધી છે બારી;
બચીશ હવે કેમ આગમાં, ભજ શ્રી ગીરધારી. જાગી૦
બાળપણે ભલે ના ભજયા, અજ્ઞાની ગણાયો;
મોટો થયો ત્યારે મૂરખા, માયા નદીએ તણાયો, જાગી૦
મારાં સગાં મારાં છોકરાં, મારૂં ધન મારી નારી;
ભૂલો ભમે તું એમ કાં, તારો કુંજ-બિહારી. જાગી૦
પાપના કિધા પોટલા, તારી સાથે બંધાશે;
પુન્યનું કર્મ કર્યું નથી, તારી શી ગતિ થાશે. જાગી૦
બચવાની બારી એક છે, ભાવે ભજને મોરારી;
દિન શંકરનો નાથ એ, લેશે તુજને ઉગારી. જાગી૦

ભવ દરિયેથી ઉગારો!

(રાગ દાસપરે દયા લાવોરે એ રાહ)

વ્હાણ વિભૂજી ઉગારો રે,
ભવ દરિયેથી, વ્હાણ વિભૂજી ઉગારો.
ભવ અરણવમાં અથડાતું, ગમે તેમ ગોથાં ખાતું;
નથી નાથ એકે આરો આરો રે. ભવ દરિયેથી૦
મોહરૂપી મોજાં વાગે, લોભના ઝપાટા લાગે;
તમે તાત આવી તારો તારો રે. ભવ દરિયેથી૦

મનને શીખામણ.

કક્કાવારી તોટક છંદ.

કરજે સદ્કામ સદા મન તું,
ખસજે નિચ કર્મ થકી દૂર તું;
ગણજે જગમાં સહુને સરખા,
ઘટમાં હરિ ધ્યાન ધરી હરખા, ૧
ચળજે નવ નીતિ થકી કદિયે,
છળ ભેદ કરી જુઠ ના વદિયે;
જશવંત થશે તુજ આવરદા,
ઝરણાં ઝરશે સુખનાંજ સદા. ૨
ટળશે તુજ આધિ ઉપાધિ અરે,
ઠરશે નવ રોગ કદી શરિરે;

ડરશે તુજથી નિચ નીર્ધનતા,
ઢગલા વળશેજ સદા ધનના. ૩
તનને ધન ધામ ધરા પળમાં,
થઇ જાય અલોપ ભુમંડળમાં;
દશ શીશ ગયાંજ દશાનનનાં,
ધરિ ગર્વ કદી મુરખો બન ના. ૪
નભમાં શશિ સૂર્ય અતી ચળકે,
પરમેશ્વરની પ્રભુતા ઝળકે;
ફળ ફૂલ અને તરૂ પ્હાડ નદી,
બળવાન પિતા ન ભુલાય કદી. ૫
ભગવાન ભજે ભવ દુઃખ ટળે,
મન વાંચ્છિત સૂખ હમેશ મળે;
યશ વૈભવને નિજ તેજ વધે,
રઘુનાથ તણું ધર ધ્યાન રૂદે. ૬
લખિ રાખ શિખામણ અંતરમાં,
વણુસી વય જાય ભુલો ફરમાં;
શક રાખ નહિંજ શિખામણમાં,
સહુ સત્ય કહું જુઠ તું ગણમાં. ૭
હરિને ભજજે દુઃખ મુક્ત થવા,
ક્ષય પાપ થશે સઘળાં મનવા;
સમજે પણ શંકર કેમ ભુલે ?
વય જાય વહ્યું તુજ વારિ તુલે. ૮

રામ નામ રટવા વિષે.

(નિત નિત ભજીએ તારૂ નામ (૩) એ રાહ.)

રટ રટ મનવા રામ નામ, રામ નામ, રામ નામ રે;
મનુષ્ય મણી હુવે ફેર ના મળે હોજી.
કાયાને માયા તારી, કાચનો કુંપો રે;
ફુટી તુટી જાશે તે તમામ, તે તમામ, તે તમામ રે. મનુ૰
કોનાં ધન ધામ ધરા, સગાં સુત નાર સરવે;
આખર ના આવે તારે કામ, તારે કામ, તારે કામ રે મનુ૰
બાળપણું રમતમાં ખોયું, યુવા મોહ લોભે રે;
આવ્યો કાળ પાસે, હાર્યો હામ, હાર્યો હામ, હાર્યો હામ રે. મનુ૰
સમજે સઘળું તું શંકર, છતાં કેમ ભુલે રે;
જ્યારે ત્યારે તારો એ અન્જામ, એ અન્જામ, એ અન્જામ રે. મનુ૰

પ્રભુને વિનંતી.

એક કામ અમારૂં કરજો રે, શામળીઆ;
અંતરમાં આવી ઠરજો રે, શામળીઆ.
શામળીઆ મોહન મળીઆ રે. (૨) એક કામ.
ભજન તમારૂં ભુધર ભાવે,—લોભ મોહ માયા મુકાવે;
સંકટ સર્વ ભુલાવે રે.—શામળીઆ. એક કામ.

નામ તમારૂં મંગલકારી, શર્ણે લેજો શ્રી ગીરધારી;
શંકર અરજ સ્વીકારી રે.—શામળીઆ, એક કામ.

—✻✦✻✦✻—

ગાડું અધવચ્ચ અટકયું !

(સુજ ના પડે પીયુ પ્યારા એ રાહ)

અધવચ ગાડું અટકયું—એ ટેક.

ભુલી રાહ ભવે ભવ ભટકયું, તુટી ખીલીને જોતર સટકયું;
લખ્યા લેખ પ્રમાણે લટકયું. અધવચ૦
અહંકારે આંતરીયું ગાડું, મોહ લોભ થયા વાટ પાડું;
ત્રણે સંપીને પાડયું ધાડું. અધવચ૦
નહીં આઘું કે પાછું જવાય, ગાડું ગાળામાં ઘુંચાય;
વ્હાલા વિઠ્ઠલ કરજો સહાય. અધવચ૦
હવે એકે જડે નહીં આરો, આપી હાથ ઓ નાથ ઉગારો;
છે શંકરને ભરૂસો તારો. અધવચ૯

—✻✦✻✦✻—

ડાકોરના ઠાકોર વિષે.

(પાંતળીઆ પરિશ્રમ લ્યો શાને એ રાહ.)

ડંકપુરી દિન બંધુ બિરાજે,
નામ રૂડું રણછોડ, શ્રી રણછોડ છે;
ત્રીકમજી પણ ત્યાંજ બિરાજે,
બંધવ બેની જોડ છે, સુભ જોડ છે.

છોગાળા નામની, ધુન છે કામની, સુખના ધામની,
આ........આશ ધરો, ભક્તિ કરો. ડંકપુરી૦
(માટે દર્શને ડાકોર જજો, અને પ્રભુ ભજી સુખીઆ થજો.)
અલબેલો જગનાથ જોવાના,
અંતરમાં મને કોડ છે, બહુ કોડ છે;
કામને બાળવો, લોભને ટાળવો, ક્રોધ પ્રજાળવો,
આ........સુખ થશે, દુઃખ જશે. ડંકપુરી૦

' ઝખમારવા. '

ગઝલ (હરીગિતમાં પણ ગવાશે.)

જો ઇશને સમરે નહિં, જનમ્યો વૃથા ઝખમારવા;
પરમાર્થને પોષ્યો નહિં, જીવ્યો જગે "ઝખમારવા." જો૦
ખાધું પીધું હા ! ખંતથી, જાડા થયા પાડા સમા;
પર પીંડને પોષે નહિં, જાડા થયા "ઝખમારવા." જો૦
મોજો હજારો મારતા, ગાડી અને ઘોડે ચ્હડી;
સત્કર્મ કૈં કીધું નહિં, મોજો કરે "ઝખમારવા." જો૦
રાજા થયા કૈં દેશના, પીડા ! પ્રજાને આપતા;
રૈયત સદા રડતી રહે, રાજા થયા "ઝખમારવા." જો૦
સુખ મેળવે રૈયત સદા, ના રાજ્યને રહેતી વફા;
ટંટા બખેડા જો કરે, રહે રાજ્યમાં "ઝખમારવા." જો૦
બાવા અને જોગી બની, માયા મૂકી ના વેગળી,
ઢોંગી થઇ જગ ધુતતા, બાવા બને "ઝખમારવા." જો૦

વિદ્યા ભણી કૈં કૈં શિખ્યા, પંડિતને જ્ઞાની બન્યા;
　　ના જ્ઞાન આપ્યું કોઇને, જ્ઞાની થયા "ઝખમારવા." જો૦
નખરાં કરે છે નવનવાં, નિજ નાથને સંતાપતી;
　　સંતોષતી ના સ્વામીને, નખરાં કરે "ઝખમારવા," જો૦
બહુ કષ્ટથી ઉછેરીને, ડાહ્યા બનાવ્યા દીકરા;
　　માબાપને માને નહિં, પેટે પડયા "ઝખમારવા." જો૦
જો પુરતું આપે નહિં, જાલિમ જુલમથી કામ લે;
　　એ શેઠીઆ કે શઠ છે, જુલ્મો કરે "ઝખમારવા." જો૦
ખાઇ નિમક નિજ શેઠનું, હલાલ ના હેતે કર્યું;
　　એ ચાકરો કે ચોરટા, ખાતા નિમક "ઝખમારવા.' જો૦
વાણી ઉચારી "શંકરે" સર, નાઇટ, ને જે–પી થયા;
　　જો દેશ શેવા ના કરી, જે–પી થયા "ઝખમારવા." જો૦

કિસમતનો આંક!

ગઝલ.

નજૂમી જોષિ પાસે જૈ, બતાવ્યો જોષ કિસમતનો;
　　તમોને દ્રવ્ય મળશે કૈં, જગાડો જોસ કિસમતનો.
અહા ! કિસમત જગાવાને, ભરી ટીકીટ ડરબીની;
　　અરે ! ઘોડો નહિં લાગ્યો, થયો જયાં રોષ કિસમતનો.
રમ્યા કૈં જાતની સરતો, જુગારી જીંદગી ગાળી;
　　કરી સટ્ટા અતીશે હા ! તપાસ્યો કોષ કિસમતનો.

ઘણા ધંધા કર્યા એવા. છતાં ના પાસ થૈ કોડી;
પછી અપવાદ દે કો'ને, બધો છે દોષ કિસમતનો.
નજુમી જોષિ એ જૂઠા, ચ્હડાવે આશ ચગડોળે;
વિભૂ વિણ આંક જોનારો, ન' કો' બાહોશ કિસમતનો.

કર્મની વિચિત્રતા !

ગઝલ.

કરમ ત્હારી કળા ન્યારી, હજારોને નચાવે છે;
ચ્હડે જે ચક્કરે ત્હારા, ઘણું ત્હેને ભમાવે છે. કરમ૦
હતો જે કાલ ભીખારી, બને ધનવાન તે આજે;
અહો ધનવાનને પળમાં, ભમી ભીક્ષા મગાવે છે. કરમ૦
હજારો મોજ જે કરતા, મહારાજા કહેવાતા;
તજાવી મોજ તેને તું, અહા ! બાવા બનાવે છે. કરમ૦
લગનનાં વાગતાં વાજાં, ગવાતાં ગીત વ્હીવાનાં;
અરે એ ઘેર તું પળમાં, મરણ પોકો પડાવે છે. કરમ૦
નહિં કૈં વાત જે સમજે, અભણ જ્યાં ત્યાંજ અથડાતો;
બનાવી જ્ઞાનિ તું તેને, અતી ઉંચે ચ્હડાવે છે. કરમ૦
સુવાસણ હોય જે નારી, પતીની પ્રાણથી પ્યારી;
અરે વિધવા બનાવીને, બિચારીને રડાવે છે. કરમ૦
બનાવે જોગિને ભોગી, કરે બળવાનને રોગી;
નિચાની ઉંચના પાસે, ગુલામી તું કરાવે છે. કરમ૦
ઘડીમાં તું રડાવે છે, પલકમાં હા ! હસાવે છે;
વદે શંકર તું ફંદામાં, સકળ જગને ફસાવે છે. કરમ૦

જોગીને આમંત્રણ !

(તોટકમાં ભળતો રાહ.)

ઓ જોગીજી ? તમે આવોને,
તમ જોગની રીત બતાવોને;
કાં ભક્તિ સુધારસ પાવોને,
કાં પાપ જળે ન્હુવરાવોને. ઓ જોગીજી૦
કાં સદ્ગુણ શીખ સ્હુડાવોને,
કાં દુર્ગુણ માંહી ડુબાવોને;
કાં અલખની જ્યોત જગાવોને,
કાં સ્વાર્થની ધુન લગાવોને. ઓ જોગીજી૦
કાં સ્વર્ગનું સુખ બતાવોને,
કાં નર્કનો સ્વાદ ચખાવોને;
કાં ભુધર ભેટ કરાવોને,
કાં રામનું નામ ભુલાવોને. ઓ જોગીજી૦
જો પહેલો ગુણ ધરો જોગી,
તો આવોજી ભલે આવોને;
જો બીજો ગુણ ગ્રહો બાવા,
તમ જોગમાં આગ લગાવોને. ઓ જોગીજી૦

" જરા પણ વિવેક ભ્રષ્ટ થએલો માણસ ફરી વધુને વધુ વિવેક ભ્રષ્ટ થતો જાય છે " એ ઉપર ગંગા નદીનું દ્રષ્ટાંત.

શાર્દૂલવિ૦ છંદ.

સ્વર્ગે શ્રી હરિ પાદથી નિકળિને, ગંગા પડયાં હર શિરે,
ત્યાંથી હીમગિરી પરે જઇ પડયાં, નીચે પદ હા ! અરે !
રે ! હીમાલયથી પછી પ્રસરિને, પૃથ્વી સમૂદ્રે પડે,
નીચું સ્થાન સ્વિકારતો સુજન હા ! ઉંચે ફરી ના ચ્હડે. ૧

ભાવાર્થ.

" ગંગાજી પ્રથમ સ્વર્ગમાં શ્રી વિષ્ણુના ચરણમાંથી નીકળી "
" કૈલાસમાં મહાદેવજીની જટામાં પડે છે. ત્યાંથી નીકળી "
" હિમાલય પર્વત ઉપર પડે છે, અને ત્યાંથી પૃથ્વી ઉપર "
" પડી સમુદ્રને મળે છે. એવી રીતે ગંગાજી નીચુંને "
" નીચું પદ પામતાં ગયાં. તેમ કોઇ સુજન જરા પણ "
" વિવેક ભ્રષ્ટ થયો તો તે ફરી વધુને વધુ વિવેક ભ્રષ્ટ "
" થતો જાય છે. "

મિત્રતા ઉપર જળ અને દૂધનું દ્રષ્ટાંત !

ઇંદ્રવિજય છંદ.

પ્રીત કરો જન જોઇ જરા કદિ કામ પડે ન તુટેજ કદાપી,
ભીરૂ બને ભયમાંજ સદા તનને ધન દે પળમાં પણ આપી;

મોજ કરે સુખમાં રહી સંગ પડે દુઃખ તો ન શકે ભય કાપી,
સ્વારથ સાધક મિત્ર તજો કદિ હીમ્મત લેશ શકે નવ આપી. ૧
વારિ અને પયને પ્રિત છે કદિ દૂધ વિષે જળને જન નાખે,
રૂપ અને ૯ઇ સ્વાદ સદા દુધ હેત થકી નિજમાં જળ રાખે;
દૂધ ચ્હુલે ચ્હડતું નિરખી બળિ અંતરમાં મુખથી જળ ભાખે,
આશ્રય લેઇ અરે તુજમાં જીવવું કયમ હોય ! ગમે તુજ પાખે. ૨
એમ કહી પય પાસ રહી જળ બાળતુ મ્હેલ કરી નિજ કાયે,
દેખિ અતી દુઃખ મિત્ર તણું દુધ અગ્નિ વિષેજ પછી ઉભરાયે;
કોઈ લઈ જળને નિરશે પયમાં કદિ જો જળ તો ખુશ થાયે,
મિત્ર મળે સહુ કષ્ટ તજી પય શાન્ત પડી ઉભરોજ સમાયે. ૩

અર્થ.

" પ્રીત કરો તો માણસના ગુણ તપાસીને કરજો; કે કામ "
" પડે ત્યારે તે પ્રીત તુટે નહિં. દુઃખમાં સદા સ્હાય કરી "
" તન અને ધનની મદદ આપે. પણ જો સુખ વખતે સાથે "
" રહી મોજ કરે અને દુઃખ પડે મદદ કરી શકે નહિં, "
" અથવા હિમ્મત પણ આપી શકે નહિં, એવા સ્વાર્થને "
" સાધવાવાળા મિત્રને છોડી દો. "

" પાણી અને દુધને પ્રીત એવી છે કે, દુધ પાસે આવેલા "
" જળને પોતાનું રૂપ તથા ગુણ આપી એકત્ર થઈ જાય "
" છે. (જળને આશ્રય આપે છે) પછી દુધને ચ્હુલે ગરમ કરવા "
" મુકીશું એટલે મિત્રના દુઃખે દુઃખી બની પાણી પહેલાં "
" બળવા માંડશે. પણ જળ મિત્રનું દુઃખ દુધથી સહન "
" નહિં થઇ શકવાથી દુધ પણ અગ્નિમાં પડવા માટે તૈયાર "

" થાય છે. (ઉભરાય છે) પણ તેમાં પાછું જળ છાંટવાથી તે "
" અગ્નિમાં નહિં પડતાં મિત્ર મળવાથી શાન્ત થાય છે. "
" (ઉભરો સમાય છે) માટે મિત્રતા દુધ અને પાણીના "
" જેવી કરવી જોઇએ. "

દ્વિજ દુર્દશા !

શિખરિણી છંદ.

ગયા ક્યાં એ વિપ્રો ? જપ તપ અને હોમ કરતા,
ગયા ક્યાં એ વિપ્રો ? હરનિશ હરિ ધ્યાન ધરતા;
હશે ક્યાં એ વિપ્રો ? સતત મુખથી વેદ વદતા,
અરે એ વિપ્રોના, તનય ધન લોભે ભટકતા. ૧
દ્વિજોની આશીષે, તન ધન ધરા સૂખ મળતું,
દ્વિજોની આશીષે, સકળ ભયને પાપ ટળતું;
દ્વિજોના શ્રાપોથી, રવિ શશિ અને દેવ ડરતા,
અરે તેના પુત્રો, વિનય તજી જે તે ઉચરતા. ૨
મહારાજા આવી, મુનિવર કહી પાય પડતા,
મુની જો માગે તો, તન ધન ધરા રાજ્ય ધરતા;
સુતો તેના હાયે ! નૃપતિ દરબારે રઝળતા,
કરીને કાસીદાં, અધમ થઇને પેટ ભરતા. ૨
ગુમાવી ગાયત્રી, જપ તપ ભુલીને ઝઘડતા,
પ્રભૂતાને ત્યાગી, ઘર ઘર અરેરે ! રખડતા;

કરે છે શેવા કૈં, ઉદર ભરવા શુદ્ર જનની,
કરી કાળાં ધોળાં, અચળ ધરતા આશ ધનની. ૪
ઘણા પંથો કાઢી, અસલ રિતભાતો વિસરતા,
પ્રજાના પૈસાથી, ઠગ ગુરૂ બની મોજ કરતા;
મુકી નીતી નેવે, અવર મતનું ખંડન કરે,
અવિશ્વાસી થાયે, જગત પણ પોતે નવ ડરે. ૫
ઘણા માઝા મૂકી, અણુખપતુ ખાયે નષ્ટ થૈ,
કરી કૂડાં કર્મો, અપયશ ઉપાડે મુરખ કૈં;
મલીદા મિષ્ટાને, દ્વિજ ચિત્ત સદા ચંચળ રહે,
પિતાજી ઓ બ્રહ્મા? તનય તમ મુક્તિ નવ ચહે. ૬
ગયા વિશ્વામિત્ર, મુનિવર ગયા ગૌતમ અરે!
ગયા ભારદ્વાજ, ભરત શુકને વ્યાસ મુનિ રે;
વશિસ્ટો વાલ્મિક, જમદ મુનિને કશ્યપ ઋષી,
તપસ્વી અત્રી ક્યાં? ચ્યવન ભ્રગુને નારદ ઋષી. ૭
ગયા પુન્યાત્માઓ, સકળ જગને પાવન કરી,
રહ્યા મારા જેવા, નિજ ફરજનું જ્ઞાન ન જરી;
તરે એકે તારે, અધવચ ડુબાડે જગતને,
કળીની લીલાથી, ભયભિત સદા શંકર બને. ૮

દોહરો.

બ્રહ્મ તત્વ ભાગી ગયું, પુન્ય ગયું પાતાળ;
વિદ્યા સૌ વણસી ગઇ, દ્વિજ તણી નિરધાર. ૧

બ્રાહ્મણના બાંમણ થયા, દ્વિજવરના બીજવર;
સ્થાન ભ્રષ્ટ વિપ્રો થયા, કર કરૂણા નટવર. ૨

યુવાની વિકાર!

(રાહ—હરિગીત છંદ.)

ચંચળ થઇ ચિત્ત ભટકતું, ઘડીએ કંઇ ના ગોઠતું,
હરિ ભજન કે પરમાર્થમાં, પળવાર પણ ના ચોટતું;
નિર્ભય અતે નિશ્ચળ થઇ, પરનારમાં ભમતું ફરે,
ફટ ફટ " યુવાની " આંધળી, તું વિષયને વ્હાલો કરે. ૧
નિજ લાજ વ્હાલી ના ગણે, નિજ કાજને પણ નવ ગણે,
નિજ જાતને પણ નવ ગણે, નિજ નાતને પણ નવ ગણે;
નિજ પાપથી પણ નવ ડરે, જગનાથથી પણ નવ ડરે,
ફટ ફટ " યુવાની " આંધળી, તું વિષયને વ્હાલો કરે. ૨
નિજ કુટુંબની કે નિજ સગાની, નારને પણ નવ જુવે,
પત્નિ ભલે હો સુતની, ગુરૂ પત્નિને પણ નવ જુવે;
નિજ મિત્રની પત્નિ થકી, હેતે અનિતી આદરે,
ફટ ફટ " યુવાની " આંધળી, તું વિષયને વ્હાલો કરે. ૩
વિધવા ભલે પણ રૂપવંતી, હોય તો તું ચ્હાય છે,
ક્યારે મળે ? ક્યારે મળે ? મળવા અતિ અકળાય છે;
વિધવા ગમનથી પાપ છે, તે પાપથી પણ નવ ડરે,
ફટ ફટ " યુવાની " આંધળી, તું વિષયને વ્હાલો કરે. ૪
ઉંચ નીચ કંઇ પરખાય ના, ભુંડુ ભલું જોવાય ના,
ગદ્ધા પચિસીમાં પડી, કંઇ ભેદ અવલોકાય ના;

મન માંકડું થૈ શ્વાનની, માફક બધે ફરતું ફરે,
ફટ ફટ "યુવાની" આંધળી તું વિષયને વ્હાલો કરે. ૫
બાળાપણે ભગવંતને, નર હેતથી ભજતો હતો,
વ્યભિચારમાં સમજે નહિં, સૌ પાપને તજતો હતો;
તારી અસર જ્યાં થાય કે, તે સૌ પરે પાણી ફરે,
ફટ ફટ "યુવાની" આંધળી, તું વિષયને વ્હાલો કરે. ૬
આત્મા અતિ અકળાઇને, આપે શિખામણ ચિત્તને,
પણ તું નહિ ટકવા દીએ, ઇચ્છેજ તારી જીતને;
ડર કોઇનો રાખે નહિં. મૃત્યું ભલે માથે ફરે,
ફટ ફટ "યુવાની" આંધળી, તું વિષયને વ્હાલો કરે. ૭
અલમસ્ત મહ્લ યુવાનિથી, સૌ ભાઇ ચેતી ચાલજો,
એ સર્પણી ડંખે નહીં, માટે જરા સંભાળજો;
દિવાની એ "યુવાનિને" દુશ્મન ગણી "શંકર" ડરે,
ફટ ફટ "યુવાની" આંધળી, તું વિષયને વ્હાલો કરે. ૮

અંતરનો દાહ!

(રાગ નાથ કેસો ગજકો બંધ છુડાયો)

ગુરૂજી દિલ દુઃખ કયાં? જઇ કહીએ;
બળી રોજ હૃદયમાં રહીએ. ગુરૂજી૦
માથું કે તાવ ચઢયો હોય ત્યારે, વૈદની પાસે વિચરીએ;
ચિંતાની આગ બળે અંતરમાં, ઔષધ ત્યાં શું? લઇએ. ગુ૦

ભુખ કદિ લાગે અતિ ભારી, ચીજ લઇ કંઇ ખઇએ:
અંતરનું દુઃખ છે ગુરૂ એવું, અંતરમાં બળી રહીએ. ગુ૦
તેમ તૃષા લાગે જો ગુરૂજી, પાણી થકી તે છીપવીએ;
દુઃખ–કર ચિંતા વળગી પુંઠે, તેને કહો શું પઇએ? ગુ૦
એમ મળે ઔષધ સૌ દુઃખનું, પણ ચિંતા પરહરીએ;
એવો ઉપાય કહો "શંકરને" તો શેવક થઇ રહીએ. ગુ૦

"છતાં જગનાથ ના જોયા!"

ગઝલ.

સદા સંસારથી છટકયા, છતાં જગનાથ ના જોયા;
બની બાવા બધે ભટકયા, છતાં જગનાથ ના જોયા. સ૦
બનારસ દ્વારિકાં બદ્રી, ગયા ગોકુળ મથુરાંમાં;
અયોધ્યા આવીને અટકયા, છતાં જગનાથ ના જોયા. સ૦
ગુફા ગિરનારની ગોતી, હિમાલયને હરિ દ્વારે;
ફરીને ટાંટિયા ફટકયા, છતાં જગનાથ ના જોયા. સ૦
અતી તપ તાપમાં કીધું, ઘણું દુઃખ દેહને દીધું;
અહા! ઉંધે શિરે લટકયા, છતાં જગનાથ ના જોયા. સ૦
નદીના નીરથી ન્હાયા, કસી ઉપવાસથી કાયા;
પુજામાં પ્રાણ છે પટકયા, છતાં જગનાથ ના જોયા. સ૦
થયા જોગી જટા ધારી, ભભૂતી ભાવથી ચોળી;
મરણ ભયથી નહિં ભડકયા, છતાં જગનાથ ના જોયા. સ૦
પઢયા પૂરાણ રામાયણ, મહાભારત ભણ્યા ભાવે;
અનીતિને નહિં અડકયા, છતાં જગનાથ ના જોયા. સ૦

કહે શંકર તપાસી જો, હૃદયમાં શ્રી હરિ રાચે;
નકામા ભવ વિષે ભટકયા, છતાં જગનાથ ના જોયા. સ૦

" અમારા કંથના માટે ! "

ગઝલ.

અમે આ દેહ ધારી છે, અમારા કંથના માટે;
વળી માયા વધારી છે, અમારા કંથના માટે. અ૦
પિયર પળમાં તજી દેને, સુભાગી સાસરે આવ્યાં;
રમત સરવે વિસારી છે, અમારા કંથના માટે. અ૦
પિતાથી લાડ કરતાંતાં, પજવતાં માતને ભારે;
હવે બુદ્ધિ સુધારી છે, અમારા કંથના માટે. અ૦
કહ્યું ના કોઇનું કરતાં, અતી ઉન્મત્ત થઇ ફરતાં;
હવે તો લાજ ધારી છે, અમારા કંથના માટે. અ૦
જુનાંની પ્રીત તોડીને, નવાંથી સ્નેહ જોડીને;
ગરવની ગાંઠ ગાળી છે, અમારા કંથના માટે. અ૦
ટુકારા સાસુના ખાધા, નણંદના બોલ સાંખ્યા છે;
ક્ષમાની ઢાલ ધારી છે, અમારા કંથના માટે. અ૦
પરાધિન પિંજરે રહીને, હશે કદિ કષ્ટ કૈં વેઠયું;
ઉદાસી ટેવ ટાળી છે, અમારા કંથના માટે. અ૦
પતિની શેવ છે સાચી, રહી નિજ નાથમાં રાજી;
અનીતિ તો અકારી છે, અમારા કંથના માટે. અ૦
ધરી શણગાર શુભ અંગે, ઠમકતી ચાલ ચાલીને;
શરિર શોભા વધારી છે, અમારા કંથના માટે. અ૦

કહે તે કંથ કરવાનાં, પતિને દેવ ગણવાનાં;
    અડગ એ ટેક ધારી છે, અમારા કંથના માટે. અ૦
પતિના સૂખમાં સુખિયાં, પિયૂના દુઃખમાં દુઃખિયાં;
    સરસ રીત એ સ્વિકારી છે, અમારા કંથના માટે. અ૦
પતિનું આંસુ પડશે ત્યાં, અમારૂં લોહી આપીશું;
    પતિવૃત માળ પ્હેરી છે, અમારા કંથના માટે. અ૦

કુટિલ સ્ત્રીનો વિશ્વાસ ન કરવા વિષે !

તોટક છંદ.

કદિ નાથ કહી શીર હાથ ધરે, સ્મિત હાસ્ય થકી ખુશ નાથ કરે;
કદિ રાત પડે અતિ રીસ કરી, નિજ નાથ પરે તલવાર ધરે.
કદિ નાથ પળે પરગામ વિષે, નવ નાથ જશો કહિ આંખ ભરે;
પણ નાથ ગયા પછિ નિચ ત્રિયા, નિજ યાર થકી વ્યભિચાર કરે.
પળમાં હસતી પળમાં રડતી, પળમાં નિજ નાથ દુઃખે બળતી;
પળમાં ધનમાલ લુટાવી દઈ, નિજ યાર લઈ રસતે પડતી.
જન જે નિજ નાર તણે વશ થૈ, તનને ધન સ્નેહ ધરી અરપે;
પણ નાર નહિં દરકાર કરે, ઉપકાર નહિં હૃદયે કલપે.
ક્રુર વાઘ તણો વિસવાસ કરો, વળિ સાપ મુખે જઇ હાથ ધરો;
સુણજો વિનતી દિન “શંકરની,” નવ નાર તણો વિસવાસ કરો.

" બિચારા બચ્ચાની મનહરણ માતા નવ મરો ! "

શિખરિણી છંદ.

ઘણાં કષ્ટો વેઠી, ઉદર મહિં રાખે ગરભને,
વળી જાયા કેડે, મધુર પય દે પોષક બને;
તજી ખાટું તીખું, નિરસ જમવા ટેક અધરો,
બિચારા બચ્ચાની, મનહરણ માતા નવ મરો. ૧

સુવાડે સુક્કામાં, શયન પલળેલે સ્થળ કરે,
દુઃખી દેખી બાળ, ભુખ તરસ નિંદ્રા પરહરે;
અરે એ માતાનું, જગજીવનજી રક્ષણ કરો,
બિચારા બચ્ચાની, મનહરણ માતા નવ મરો. ૨

નથી માતા તૂલ્યે, સકળ જગમાં કો સુખકર,
ભલે આપે તાત, અધિક સુખ હેતે વયભર;
તથાપી માતાની, સુખકરણ છાયા નવ ફરો,
બિચારા બચ્ચાની, મનહરણ માતા નવ મરો. ૩

ઘણું રાખે હેત, સુત ભગિનિ દારા જગ બધું,
વળી ભ્રાતા મિત્ર, પણ જનુનિની પાછળ બધું;
પ્રભૂ ! માતા રૂપી, અચળ ધન કોનું નવ હરો,
બિચારા બચ્ચાની, મનહરણ માતા નવ મરો. ૪

મરે માતા જેની, પરમ સુખ તેનું ઝટ ટળે,
મરે માતા તેનું, ત્રિભુવન મહીં કોઇ ન મળે;

મળે ના મા તુલ્યે, દશ દિશ ભલે "શંકર" ફરો,
બિચારા બચ્ચાની, મનહરણ માતા નવ મરો. ૫

" બળી એ નોકરી કરવી! "

ગઝલ.

કદર જ્યાં થાય ના કૈંએ, બળી એ નોકરી કરવી;
પુરા પરતંત્ર જ્યાં થૈએ, બળી એ નોકરી કરવી. કo
સગું વ્હાલું તજી દીધું, ગમન પરદેશમાં કીધું;
છતાં ના સૂખ પય પીધું, બળી એ નોકરી કરવી. કo
કરી નિજ શેઠની શેવા, જપ્યા ના લેશ જગદેવા;
રહ્યા જેવા હતા તેવા, બળી એ નોકરી કરવી. કo
મળે ના પેટને પુરતું, હૃદય તેથી રહે ઝુરતું;
અરે એ ચાકરી તજ તું, બળી એ નોકરી કરવી. કo
રજા ના કો સ્થળે જાવા, હુકારા શેઠના ખાવા;
ભલે એથી બનો બાવા, બળી એ નોકરી કરવી. કo
મળે ફુરસદ નહિં જરિયે, કઠણ થૈ કામ બહુ કરિયે;
છતાં ના આપદા હરીયે, બળી એ નોકરી કરવી. કo
ધરમ કે ધ્યાન ના થાયે, દિવસ સો કામમાં જાયે;
છતાં જો શેઠ ના વ્હાયે, બળી એ નોકરી કરવી. કo
ચિવટથી ચાકરી વ્હડિયે, પરાધિન પાંજરે પડિયે;
છતાં જો શેઠણાં રડિએ, બળી એ નોકરી કરવી. કo
થયા પરતંત્ર તન તોડી, જુવાની ઝેરમાં જોડી;
છતાં ના પાસ રહિ કોડી, બળી એ નોકરી કરવી. કo

મળે સર્વિસ સરકારી, અગર કો રાજ્ય દરબારી;
ખુશામતની બધે સ્વારી, બળી એ નોકરી કરવી. ક૦
અધીકારી કંઇ એવા, વસીલાની કરે શેવા;
ખુશામતના જમે મેવા, બળી એ નોકરી કરવી. ક૦
ખુશામતખોર જન જ્યાં છે, સુખો શંકર બધાં ત્યાં છે;
કદર તો કામની કયાં છે ? બળી એ નોકરી કરવી. ક૦

વચન પાળવા વિષે !

ગઝલ (હરિગીતમાં પણ ગવાશે.)

બોલી વચન પાળે નહીં, ને કોલ તોડે આપનો;
વિશ્વાસ કો તેનો કરે, સારો ભરૂસો સાપનો. બો૦
હોયે ખરો કુળવાન તે, નિજ ટેકને છોડે નહિં;
શિર જાય તોપણ શું થયું, દઇ કોલને તોડે નહિં. બો૦
હોડયો કરે છે હેતથી, આવે સમય જો હારવા;
એ બોલ થાયે બાયલા, હોડયો કરે ઝખમારવા. બો૦
આપે શીખામણ અન્યને, પણ બોલ બોળે આપનો;
તે જીંદગીમાં ધૂળ છે, જો કોલ તોડે બાપનો. બો૦
આપ્યુ વચન તે પાળવા, હરિશ્ચંદ્ર દુઃખ પામ્યા ખરે;
વિક્રય કરી સુત નારનો, પોતે રહ્યા નિચના ઘરે;
આપ્યુ વચન નિભાવવા, બળીરાય પાતાળે વસ્યા;
પાંડવ ગયા વનવાસ પણ, તે સત્યથી ડગ ના ખસ્યા. બો૦

આપ્યું વચન તે પાળવાને, પ્રાણ છોડયો દસરથે;
ગુણો ગવાયા સૃષ્ટીમાં, કવિઓ કવિતામાં કથે. બો૦
વાણી વદે શંકર સદા, જો બોલ બોલ્યો પાળશે;
કિરતાર કરશે સ્હાય રે, જો ટેકને સંભાળશે. બો૦

ગરજ વિષે !

ગઝલ.

ગરજ તો ચીજ છે એવી, નરમ સૌને બનાવે છે;
ભલે હો શાહુ કે શેવક, ગરજ સૌને નચાવે છે. ગ૦
કદી કો હોય ગાંડો તો, ગરજ ડાહ્યો ઠરાવે છે;
ગરજથી ગાયને ચારો, સરવ લોકો ચરાવે છે. મ૦
ગરજ નટ્ટી મદારીને, રમત દોરે ર્‍હડાવે છે;
ગરજથી નાટકી લોકો, અહા ! મુછો મુંડાવે છે. ગ૦
ગરજથી બેલ, ખર, ઘોડા, અતી બોજો ઉપાડે છે;
ગવૈયા ગાય છે ગરજે, વળી વાજાં વગાડે છે, ગ૦
ગરજ તો ઉંચ પાસે નીચની શેવા કરાવે છે;
વદે શંકર ગરજ કૈને, અહા ! પાણી ભરાવે છે. ગ૦

સખી તું સરસ કે હું ?

મનહર.

સખી— ૧ સુણજે સખી મેં આજ, લાભનું કર્યું છે કાજ,
ઠીકરાં વસાવા માટે, માટલાં ભંગાવ્યાં છે;

રંગે જરા કાળી છું તે, ધોળું વસ્ત્ર શોભે નહીં,
સફેદ સુવસ્ત્ર સર્વ, ગળીમાં રંગાવ્યાં છે;
મોતીનાં તોરણ બારસાખે, સારાં લાગ્યાં નહીં,
તેને તોડી તુરીઆંનાં, તોરણ ટંગાવ્યાં છે;
બપોરના બાર વાગે, ભૂખ ભારે લાગી તેથી,
આટા સાટે ગામમાંથી, ગાજર મંગાવ્યાં છે. ૧
સખી— ૨ આવાં જુજ કામ કરી, રખે તું ફુલાતી અલી,
તારાથી અધિક મેં તો, અક્કલ દોડાવી છે;
ફુલનો સુવાસ ફુલ, ખીલે ઉડી જાય માટે,
કુસુમની કાચી કાચી, કળીઓ તોડાવી છે;
ઉન્હાળામાં શાક ભાજી, મોંઘી મળે માટે કરી,
સામટી છ માસની મેં, ભાજી તો ભરાવી છે;
દેવું છે ધણીના માથે, છતાં પણ હઠ કરી,
ખેતર વેચાવી કડાં કાંબીઓ કરાવી છે. ૨
સખી— ૧ જાણી તારી ચતુરાઈ, બોલતી થા બંધ બાઈ,
તારાથી અધિક કૈંક, પદવી વધારી છે;
ખીરમાં નાંખે છે ખાંડ, ગાંડાને ગમાર લોક,
મીઠું નાંખી મેં તો, જુની પદ્ધતી સુધારી છે;
ધણી પરે ધાક રાખું, રાંધતાં રસોઇ ચાખું,
એવી એવી રીત મારા, પુન્યથી પધારી છે;
વિસારી પ્રભુને પતિ, સેવું છું ભુવા ને જતી,
વર વશ કરવાની, ધારણા મેં ધારી છે. ૩
સખી— ૨ પોઢણ કરૂં છું વ્હેલી, સવારે ઉઠું છું છેલ્લી,
દાઢ વ્હોર દા'ડા વ્હડે, દાતણ સંભાળું છું;

ન્હાવાનો નિયમ નથી, ખાઉંછું ખરી ખંતથી,
પર નિંદા કરવામાં; વખત હું ગાળું છું;
સાસુને સંતાપુ ઘણું, જેની તેની સાથે વઢું,
સાચાનું જુઠું કરાવી, સ્વામી જીવ બાળુછું;
શંકર કહે છે એક એકને, ઉથાપે, એવી,
ભુંડી કેંક ભામિનીઓ, ભૂતળમાં ભાળુછું. ૪

સોરઠો.

જે ઘર ભુંડી નાર, દુઃખ દાવાદળ તેહને;
ભલે તજો સંસાર, બાવા થઈ વનમાં વસો. ૧

હું આળસું કે તું ?

મનહર છંદ.

બોરડીના ઝાડ નીચે, આળસુનો સરદાર,
લાંબો થઇ સુતો હતો, કરને પસારીને;
એટલામાં છાતીપરે, બોરડીથી બોર પડ્યું,
મુખમાં મૂકાય નહિં, જુએ ધારી ધારીને;
ઉંટે ચઢી એક જણ, જતો હતો તેને કહ્યું,
બોર મુખે મૂક મારા, નિચે તું પધારીને;
પેલો બોલ્યો ઝટ જવું, ત્યારે સુતા જને કહ્યું,
ઉંટવાળા આળસું તું, બોલ્યો બુમ મારીને. ૧

ઉંટવાળો બોલ્યો પછી, આળસું હું કે તું અલ્યા ?
હાથે બોર ઝાલી મુખે, મૂકતાં શું થાય છે ?
ઉંટેથી ઉતરી નીચે, બોર ખવરાવુ તને,
કામ મારૂં ચુકું તારા, હાથે શું દુ:ખાય છે ?
અંગે કંઈ રોગ નથી, માતેલો તું મારા થકી,
આળસું કહેતાં મને, બોલતાં લજાય છે ?
શંકર કહે છે બોરવાળા જેવા બેવકુફ,
છુપાવી પોતાનો દોષ, શીખ દેવા જાય છે. ૨

સોરઠો.

દે બીજાને શીખ, દોષ જુવે ના આપનો;
તે જીવતરને ધી:ક, શિખ દીએ ઝખ મારવા. ૧

બેમાં જુઠો કોણ ?

મનહર છંદ.

પહેલો— બે માણસો બેઠા હતા, વાતને તડાકે ચઢયા,
એક કહે કૌતક મેં, નજરે નિહાળ્યું છે;
બાવાજીની બકરીએ, બાર બચ્ચાં સાથે જણ્યાં,
બાવાજીનું બધું દુ:ખ, બકરીએ ટાળ્યું છે;
સાત અશ્વ, ત્રણ ખર, ઉંટ એક, હાથી એક,
એટલું અવતરતાં, આપો આપ ભાળ્યું છે;

ખરને સુતારે લીધા, રૂપીઆ હજાર દીધા,
ઉંટ ઘોડા હાથી સહુ, કુંભારે સંભાળ્યું છે.
બીજો— વાંકા બોલા વાત એવી, કેમ માનવામાં આવે,
સામટાં શું બાર બચ્ચાં, બકરીને થાય છે;
હાથી, ઘોડા, ઉંટ, ખર, બકરીને કેમ આવે,
ખરને ખરીદીને શું, સુતાર કમાય છે;
હાથી, ઘોડા, ખરીદીને, કુંભાર ક્યાં છે જવાનો,
જુઠું તારૂ સુણ હવે, મારી વાત થાય છે;
સોયના નાકામાં થઇ, સાત હાથી સાથે ગયા,
નજરે જોએલું આનું નામ કહેવાય છે,

દલાલી વિષે !

મનહર છંદ.

દલાલીનો રોગ આખી, દુનિયાને લાગ્યો ભાઇ,
જેની તેની બસ હવે, દલાલીજ થાય છે;
ધાતુની દલાલી થાય, અન્નની દલાલી થાય,
ગોળ, ખાંડ, તેલ, ઘીની, દલાલી ગણાય છે;
ઝવેરાતની દલાલી, કાપડ રૂની દલાલી,
હાડકાં ને ચામડાંમાં, દલાલી પેસાય છે;
શંકર કહે છે જેમાં, તેમાં દલાલીનો લાગો,
કળી કાળ આવ્યો એવું, આ થકી જણાય છે. ૧

લોન શેર હુંડીઓને, વીમાની દલાલી થાય,
ઝાડ પાન લાકડાંની. દલાલી લેખાય છે,
ફળ ફુલ પશુ પક્ષી, કોલસા પથ્થર ઇંટો;
દરેક જણસ પર, દલાલી લેવાય છે,
ભલે તેનું કંઈ નહીં, પણ આ તો હદ થઇ;
આજ કાલ કન્યાઓની, દલાલી ખવાય છે,
શંકર કહે છે ભુંડી દલાલીએ, દાટ વાળ્યો,
યોગ્ય કે અયોગ્ય ભાઈ, હવે કયાં જોવાય છે. ૨

અદેખા વિષે.

મનહર,

ભાવે ભૂપ ભોજરાજા, દાન દેવા બેસે ત્યારે,
માગણો ને કવિઓનાં, ટોળે ટોળાં તુટે છે;
ભાળીને ભંડારીતણું, ચિત્ત બળે ચરરર,
ભીખારીનાં ટોળાં આવી, ભંડારને લુંટે છે;
સદાવ્રત આપે કોઇ, શેઠ કે શ્રીમંત ત્યારે,
કોઠારી કકળી કહે, દાણા હવે ખુટે છે;
શંકર કહે છે તેમ, વરો કોઇ કરે ત્યારે,
નિહાળી નિહાળી નાંનો, નાવી પેટ કુટે છે. ૧
વર્ષાની રૂતુમાં જયારે, વનસ્પતી ખુબ ખીલે,
જંગલી જવાસો શોક, કરીને સુકાય છે;

ચોમાસામાં ચારો ચરી, પ્રાણી સહુ પુષ્ટ બને,
ગમાર ગધેડો ઘણો, શરીરે સોસાય છે;
સ્વાનને ખાવાનું આપ્યું, હોય પણ ખાતાં ખાતાં,
અન્યને અપાતું દેખી, ઘણો ઘુરકાય છે;
શંકર કહે છે તેમ, ભલું કોનું થતું ભાળી,
આદમી અદેખો કોઇ, ઉરે અકળાય છે. ૨

ગર્વ વિષે !

ઝૂલણા છંદ.

તજ અરે માનવી તુચ્છ અભીમાનને,
સાર કૈં ના મળે ગર્વ કીધે;
દુઃખનું વારી તું ગર્વ ગણજે સદા,
નાશ સુખ સૌ થશે તેહ પીધે;
ગર્વ છાજયો નહિં, રાય રાવણ તણો,
સંપતી સંતતી હા ! ગુમાવી;
પ્રાણ અર્પણ કર્યો ગર્વની ધૂનમાં,
લ્હાણ કાઢયું નહિં ગર્વ લાવી. ૧

તંબાકુની બીડી વિષે !

કુંડળીઓ.

બીડીમાં બહુ દોષ છે, અવગુણમાં આબાદ,
રૂદ્ર તણું પાણી કરે, મધુર નથી કૈં સ્વાદ;
મધુર નથી કૈં સ્વાદ, છતાં સૌ લોક પિયે છે,
ખાંસીને ક્ષય થાય, અરે ! પણ કોણ બિહુયે છે;
કહે દ્વિજ શંકરલાલ, ન્હડા ના રોગ છીડિમાં,
પૈસો પાણી થાય, ગુણ નથી કૈં બીડીમાં. ૧

મુંબઇની ચોપાટીની લ્હેર !

છપ્પો.

ચોપાટીની લ્હેર, શ્હેર મુંબઇની પ્યારી.
ચોપાટીની લ્હેર, મ્હેર સાગરની સારી;
ચોપાટીની લ્હેર, રોગ ને શોક સમાવે,
ચોપાટીની લ્હેર, હૃદયને શાન્ત બનાવે;
પચરંગી મુંબઇની પ્રજા, તે સ્થળ ભેગી થાય છે,
સાંઝ પડે કે લોક સૌ ઝટ, ચોપાટીપર જાય છે. ૧
શીતળ વાયું વાય, લ્હેર સાગરની આવે,
બેસી સૌ જન ત્યાંય, ગાન કુદરતનું ગાવે;

કો ગાડીની મ્હાંય, પગે કો આવે ચાલી,
કો મોટરની મ્હાંય, બાઇશીકલે પગ ઘાલી;
અઢારે વરણ ત્યાં આવતી, નવિન નવિન વસ્ત્રો ધરી,
ચોપાટી ચીત્ત રમી રહે, જવું ગમે ત્યાં ફરી ફરી. ૨

હોરી વિષે !

રાગ હોરી.

અહા ! આઇ રસીલી હોરી;
દીઓ અંગ રંગે ઝબોળી. આઇ૦
ઠામ ઠામ સબ ભર પીચકારી, છાંટત રંગમેં બોરી,
રંગ ગુલાલસે ધુમ મચત હે, નાચત ગાવત હોરી;
જમે શીવ સાકર પોરી. આઇ૦
હોરી મેં ગાન કરો હરિ હરકો, ગાઓ ન ફાગ નઠોરી,
ક્યું ધુલ પાનીમેં અંગકુ રોળો, શર્મ હૃદયમેં ધરોરી;
કહા " શંકરકા " કરોરી. આઇ૦

પ્રીયાના રૂપની પ્રસંસા !

ગઝલ,

ગમે છે ગુલ બદન ત્હારૂં, ચતુરા ચિત્ત ચટકે છે;
અરે !વીયોગથી વ્હાલી, ખરેખર દીલ ખટકે છે. ગ૦

અતીશે કેશ લાંબા છે, સુંવાળા શિરપરે શોભે;
અદ્દભો અંતરે થૈને, મણીધર શિશ પટકે છે. ગ૦
લલાટે ચાંદલો શોભે, નિહાળી નેત્ર લોભે છે;
શશી છે એમ ધારીને, કુમુદની મુખ મટકે છે. ગ૦
હરણ સમ નેત્ર છે ત્હારાં, વળી વીશાળને કાળાં;
નયન નથથી નથાયો તે, નહિં કો કાળ છટકે છે. ગ૦
ગુલાબી ગાલ છે ગોરા, સુશોભિત નાકમાં નથની;
અહા ! નથની તણું મોતી, અધરપર છેક લટકે છે. ગ૦
મનોહર મુખ ત્હારૂં છે, તરૂણી તેજવાળું છે;
શશી સરમાઇને ગગને, ગુમાવી ગર્વ ભટકે છે. ગ૦
સુવાસીત મૂખમાં દાડમ કળી સમ દાંત શોભે છે;
હશે તે મોતી માનીને, ઝવેરી સ્હેજ અટકે છે. ગ૦
પ્રવાળાં પાળ છે કે ઓષ્ટ, તેની ગમ નથી પડતી;
અધરનું પાન કરવાને, હૃદય તુજ પાસ સટકે છે. ગ૦
અહા ! શું ડોક ઉંચી છે, રહ્યા બે છાતીએ કંદુક;
ઉદર સુંદર નિહાળી કામીઓનો જીવ ફટકે છે. ગ૦
કટીથી સીંહ શરમાઇ, વને વૈરાગ્ય લૈ વસતા;
જઘન છે કેળના જેવી, હવે બસ વાત અટકે છે. ગ૦
ચરણને હસ્ત તો જાણે, રૂપેરી રંગના લાઠા;
હીરાની વીંટી આંગળીએ, અનુપમ તેજ ઝળકે છે, ગ૦
ઠમકતી ચાલ ચાલે છે, અહાહા ! ! હંસના જેવી;
લલિત લટકો નિહાળીને, ભ્રમિત થૈ ચિત્ત ભટકે છે. ગ૦

પ્યારાને આવકાર.

(દેખુંગી પ્યારે અબ્બાકા મૂખડા—એ રાહ.)

આવોને પ્રિય સુંદર સુભાગી. (૨)
ભાવો, ભાવો, ભાવો, ભાવો, ભાવો રે,
મુજ મનને સુભાગી. આ૦
લ્હેરી લાલા, છો લટકારા (૨)
લગની ત્હારી, લાગી, લાગી, લાગી રે,
ઓ શાણા સુહાગી. આ૦
ઓ વ્હાલા હું, તુજ ગુણ રાગી (૨)
પ્રેમની જોત છે, જાગી, જાગી, જાગી રે,
હવે જાઓ ન ત્યાગી. આ૦

હે રાજન ? તમારો અને અમારો પંથ ન્યારો છે !

ગઝલ.

તમે છો દેશના રાજા, અમે જંગલ વસાવ્યું છે;
તમે અજ્ઞાનના તાબે, અમે તેને ફસાવ્યું છે. ત૦
તમારે મ્હેલને માળા, બગીચા બાગ વસવાના;
અમે સુંદિર ગુફા શોધી, તહાં જગનાથ જપવાના. ત૦
તમે ગાદી અને તકિયા, તથા શય્યા વસાવી છે;
અમે તો પ્રેમથી પૃથ્વી પરે, કંથા બિછાવી છે. ત૦

તમે મિષ્ટાનને મેવા, અતીશે સ્વાદથી જમતા;
અમે ફળ ફૂલ ખાનારા, નથી મિષ્ટાન પર મમતા. ત૦
ધરી વસ્ત્રાભુષણ અંગે, તમે મોજો ઉડાવી છે;
શરીરે ભસ્મ ચોળીને, અમે કફની ચ્હડાવી છે. ત૦
વિષય તમને અતી વ્હાલો, વળી માયા તણા રાગી;
અમે તો મુક્તિને મોહ્યા, પ્રભૂની ધૂન છે લાગી. ત૦
તમે હર કામમાં નોકર, પરે હુકમ બજાવાના;
અમારા હસ્તને ચરણો, અમોને સ્હાય થાવાના. ત૦
સગાંને મિત્રની સાથે, તમોએ સ્નેહ રાખ્યો છે;
અમે જંગલતણાં પક્ષી પશૂનો પ્રેમ ચાખ્યો છે. ત૦
સદા ચિંતા અને ભયમાં, તમોને શાન્તિ ના જરિએ;
અમે નિશ્ચિંત ને નિર્ભય, હરિનું ધ્યાન હા ! ધરિએ. ત૦
તમે રાજા મહારાજા, અરે ! તેમાં અમારે શું ?
નથી કૈં લેવુ કે દેવું, પછી પરવા લગારે શું ? ત૦
તમારો રાહ જૂદો છે, અમારો પંથ ન્યારો છે;
તમે છો ભોગના ભોગી, અમોને જોગ પ્યારો છે. ત૦
તમારો ભોગ છે રોગી, અમારો જોગ બળવાળો;
અમે જીવન સફળ કરિએ, તમે આયુ વૃથા ગાળો. ત૦

પેટ વિષે!

રાગ સારંગ (હરિભજન વિના દુઃખદરિયા સંસારનો પાર ન આવે)

ઓ પાપી પેટ, તારી ખાતર કષ્ટ કેટલાં વેઠિએ ?
ભટકી મરીએ, ભાવ થકી ભવતારકને નવ ભેટિએ. ઓ૦
નિજ દેશ તજી પરદેશ રહ્યા, સુત નાર કુટુંબ વિયોગ થયા;
અતિ ટાઢ અને તડકાજ સહ્યા. ઓ પાપી૦
પરની તાબેદારી કરિયે, કહી શેઠ સલામ સદા ભરિયે;
વળી ધાક અથાગ ઉરે ધરિયે. ઓ પાપી૦
ઉદ્યોગ નવિન કૈં આદરિયે, જુઠ વચન ઉચરતાં ના ડરિયે;
ના કરવાનાં કર્મો કરિયે. ઓ પાપી૦
ખુશામત કૈં ખોટી કરીએ, અન્નદાતા કહિને કર ધરીએ;
દિન વચન અરેરે! ઉચરીએ. ઓ પાપી૦
કો પંડિતને જોગી બનતા, કો વૈદ વકીલ બની ફરતા;
કૈં રખડી કાસીદાં કરતા. ઓ પાપી૦
કૈં મૂછ મુડાવી નૃત્ય કરે, નર થૈ નારીનો વેશ ધરે;
ગાયન વાદનથી ઉદર ભરે. ઓ પાપી૦
કૈંના ત્હેં હાલ કર્યા ભુંડા, જન સર્વ બન્યા ત્હારા લુંડા;
ત્હારા ખાડા અતિ છે ઉંડા. ઓ પાપી૦

" સાધારણ જ્ઞાન મળતાં ઉન્મત્ત થયેલા જીવ-હંસને ઠપકો ! "

(ઓધવજી સંદેશો કહેજો શ્યામને એ રાહ)

સુણ ઓ હંસા ઠપકો આપું હિતનો,
ના ઉન્મત્ત થા અંતરમાં અણુ ભાર જો;
ઉપમાને હજુ યોગ્ય નથી તું હંસની,
એ ઉપમા છે સદ્દ્ગુણનો શણગાર જો. સુણ૦ ૧
પય પુરૂં વિદ્યાનું ત્હેં પીધું નથી,
નથી થયો તું જ્ઞાન વિષે ગુલતાન જો;
જ્ઞાન ચીજનો અંત નથી અવની વિષે,
અધુરા જ્ઞાને મુર્ખ બન્યો મસ્તાન જો. સુણ૦ ૨
હંસ થયો પણ પય-જળ જુદાં નહિં કરે,
મૌક્તિક ચારો તુજથી નહિં ચરાય જો;
કમળ વને વસવાનું તુજને ના ગમે,
તેમ છતાં કાં ? પ્રોગટ તું ફુલાય જો. સુણ૦ ૨
પય-જળ જુદાં કરવાની વિદ્યા ભણી,
મૌક્તિક ચારો ચરતાં હંસા શિખજો;
તો તો તુજને હંસ ખરો કહું હેતથી,
નહિં તો બગ-ખગ કરતાં નહિં અધિક જો. સુણ. ૪
ત્હારાથી અધિકા જ્ઞાની છે સૃષ્ટિમાં,
હુંપદ છોડી કર સદ્દગુરૂનો સંગ જો;
મુક્તિની જુક્તિ જાણ્યામાં આવશે,
ભવસાગરને તરશે તો છે રંગ જો. સુણ૦ ૫

બાળલગ્ન વિષે !

ચોપાઈ (તુલસીદાસની ચોપાઇનો રાહ.)

હે મમ વીર અરજ ઉર ધારો, બાળલગ્નનો ચાલ નઠારો.
અણસમજુ બાળક પરણાવો, લે સંસાર તણો શો ? લ્હાવો.
લગ્ન ફરજ, કરી લગ્ન ન જાણે, પ્રેમ ચીજ શું ? તે ન પિછાણે.
રમત ઢીંગલાં તણી રમાડો, બાળકનો અવતાર બગાડો.
બાળલગ્નથી બાળ સુકાયે, વિદ્યાભ્યાસ પુરો નવ થાયે.
તન મનની અતિ થાય ખુવારી. સુખ ના પામે તે નર નારી.
નિર્બળ સંતતિ તે પ્રગટાવે, રોગ કદિ ઘર છોડી ન જાવે.
સુણી સુબોધ સમજ દિલ લાવો, સંતતિ પુખ્ત વયે પરણાવો.

કન્યા વિક્રય વિષે !

લાવણી (મુજ ઉપર ગુજરી—એ રાહ.)

હે આર્ય બંધુઓ સુણો શિખ આ સારી;
કન્યા વિક્રય કરો બંધ વિનંતી મ્હારી. ૧
જે જન લઇ પૈસા નિજ પુત્રીને દેશે;
તે પાપ તણો લઇ પુંજ દુઃખ ભોગવશે. ૨
પૈસાના લોભે જુએ નહિં વર સારો;
પછી તે કન્યાનો બળી જાય જન્મારો. ૩
સાસરીએ જાતાં સુખ વૃતિ નહિં આવે;
જીવ રહે અતિ ઉદાસ દુઃખ બહુ લાવે. ૪

હોય બુઢ્ઢા પણ ધનના લોભે પરણાવે;
એ રંક સુતાને સુખ કદી નહિં આવે. ૫
એ બુઢ્ઢા સાથે ઘર શી રીતે માંડે ?
પ્યારી પુત્રી તે ન્હાની વયમાં રાંડે. ૬
પામે નહિં સુખ સંસાર તણું તે પ્યારા;
કરો બંધ તમે કન્યા વિક્રયના ધારા. ૭
દે શ્રાપ પછી માબાપો મ્હારાં મરજો;
હે પ્રભુ ? તેમનો નરકે વાસો કરજો. ૮
થાય પુખ્ત ઉમ્મરે તે તનયા તો જ્યારે;
કરે વ્યભિચારને અનાચાર તે ભારે. ૯
શાસ્ત્રોની વાતો ધ્યાન મહીં તો ધારો;
પૈસાના લોભે કરો ન વિક્રય યારો. ૧૦
તે પૈસા તમને પચન થશે નહિં ભાઇ;
લેશો તે કરતાં જશે વીશેષ તણાઇ. ૧૧
કન્યા વિક્રયથી લાભ નથી કંઇ યારો;
પુત્રીનો પૈસો ગાય રૂદ્ર સમ ધારો. ૧૨
કન્યા વિક્રય કરનાર અતિ દુઃખ પામે;
ફટ ફટ દુનિયામાં થાય આબરૂ વામે. ૧૩
કન્યા વિક્રયથી દેશ થયો બેહાલ;
હે મીત્ર માહરા ? નજરે તે તું ન્યાળ- ૨૪
વદે વાણી શંકરલાલ મીત્ર ઓ મારા;
કરો બંધ તમે કન્યા વિક્રયના ધારા. ૧૫

ક્રોધ વિષે !

પ્લવંગમ છંદ.

ક્રોધ ફણીધર નાગ, કદી ના પાળશો,
ક્રોધ કરાવે રાગ, વૃથા ચિત્ત બાળશો;
ક્રોધ કરાવે વેર, સુબુદ્ધી કાપશે,
ક્રોધ હળાહળ ઝેર, રગે રગ વ્યાપશે. ૧
ક્રોધ કરે યશ જાય, પલકમાં આળ દે,
ક્રોધ કરે દુઃખ થાય, અરે અપવાદ દે;
માટે મ્હારા મિત્ર, તજો એ ક્રોધને,
થાજો સદા પવિત્ર, સુણી આ બોધને. ૨

દારૂના દુર્ગુણ વિષે ?

એકત્રીસો સવયો.

દારૂમાં દુર્ગુણ છે ઝાઝા, તેમ છતાં નવ કેમ તજાય ?
દ્રવ્ય અને કિર્તીની હાની, ડાહ્યો પણ ગાંડોજ ગણાય;
સ્વાદ નથી ન સુવાસ મળે કૈં, પણ પીધે મૂખડું ગંધાય,
શરિર સંપતીનો ક્ષય થાયે, માનભંગ એથીજ થવાય. ૧
છપ્પન કોટી યાદવ કેરો, મદ્યપાનથી વળિઓ ઘાણ,
શુરા સિકંદર રાજાએ પણ, દારૂથીજ ગુમાવ્યો પ્રાણ;
કૈં રજપૂતો શરાબ પીને, થયા ખરાબ નથી અણજાણ,
માટે મિત્રો શીખ સુણીને, તજો તમે એ અવગુણ ખાણ. ૨

વ્યભિચાર વિષે !

લાવણી (મુજ ઉપર ગુજરી પિતા પાદશાહ જાણી—એ રાહ.)

હે સર્વ બંધુઓ સુણો વિનંતી મ્હારી;
વ્યભિચાર મહા અપરાધ, બહુ દુ:ખકારી. ૧
વ્યભિચારી જનની, નથી આબરૂ જગમાં;
લે હસ્ત કુહાડો, મારે છે નિજ પગમાં. ૨
પૈસાની હાની થાય, આળ ઝટ આવે;
છટકેલો કહે છે લોક, લાજ ના લાવે. ૩
વળી સુવે નહી કો દીન, શાન્તતા ધારી;
વ્યભિચારી જનની, નીંદ ગઇ પરવારી. ૪
વ્યભિચાર કપાવે શીર, અરેરે ! પળમાં;
વ્યભિચારી જનનો જીવ સદા જોખમમાં. ૫
ચોરી જુઠને કૈં પાપ કરાવે જનને;
રે ! કરે અતિ બેહાલ, હરે તન ધનને. ૬
પરનાર પતિવૃત ભંગ કરો ના ભાઇ;
પરનાર નર્કનું દ્વાર, તજો દુ:ખદાઇ. ૭
જેવી પોતાની નાર, અન્યની એવી;
તો હરો પરાયો માલ, દુષ્ટતા કેવી ? ૮
પરનાર તણા થૈ યાર, ખુવાર થયા કૈં;
કૈંએ છોડયો નિજ પ્રાણ, કાળ મુખમાં જૈ. ૯
નિજ નાર મિષ્ટ પય પાન તજીને ભટકો;
વ્યભિચાર હળાહળ ઝેર પિતાં ના અટકો- ૧૦

નિજ નાર સરસ પકવાન નજરમાં નાવે,
વ્યભિચાર વાલુકા અતી અરેરે ભાવે. ૧૧
વાણી શંકરની સુણી રીસ નવ કરજો;
વ્યભિચાર રૂપી મહા પાપ સદા પરહરજો. ૧૨

પુન્યવાનનેજ મળે !

મહીદીપ છંદ.

સરસ બદન ચંદ્ર વદન, તદન તેજવાળું,
સ્યામ બાલ લાલ ગાલ, ટિલડિ ભાલ ભાળું;
નમણું નાક અજબ આંખ, ઝાંખતાં જણાયે,
મુખ દિસંત ધવલ દંત, ખંતથી ગણાયે. ૧
ડોક સરસ કનક કળશ, છાતિએ છુપાવે,
ઉદર ઉપર અજબ નાભિ, નિરખિ ફેર આવે;
કદળિ સ્થંભ સરખિ જંઘ, અંગમાં જણાયે,
કનક રંગ અવર અંગ, ના હવે ભણાયે! ૨
હસ્ત ચરણ કરણ તણી, કૃતી પ્રીય લાગે,
હંસ ગમનિ રસિક રમણિ, જોઈ પ્રેમ જાગે;
વચન મધુર ચપળ ચતુર, પતિવૃતા સગૂણી,
પુર્વનાંજ પુન્ય હોય, એ મળે સલૂણી. ૩

સંસારમાં સંપુર્ણ સુખી કોઇ નથી !

હરિગીત છંદ.

ધન સંપતીમાં કમ નથી, ભંડાર તો ભરપૂર છે,
કિર્તી તણો કિલ્લો ચણ્યો, વ્યાધી થકી તન દૂર છે;
પણ સંતતીનું સુખ નથી, ચિતડું સદા તેથી બળે,
આ સાર વિણ સંસારમાં, દુઃખ મુક્ત જન કો નવ મળે. ૧
સુખપાલ ઘોડા ગાડિને, ચાકર તણો ટોટો નથી,
વ્હાલાં સગાંનો સ્નેહ છે, પ્રિય નારનો જોટો નથી;
પણ વ્યાધિ તનથી ના ખસે, ના વૈદ ઘરમાંથી ટળે,
આ સાર વિણ સંસારમાં, દુઃખ મુક્ત જન કો નવ મળે. ૨
વિદ્વાનને ગુણવાન છે, યૂવાનને કુળવાન છે,
છે સંતતીનું સૂખ ને, શરિરે સદા બળવાન છે;
પણ પાસ કોડી નવ મળે, કચડાય પરના રણ તળે,
આ સાર વિણ સંસારમાં, દુઃખ મુક્ત જન કો નવ મળે. ૩
રાજા મહારાજા થયા, મુલકો હજારો મેળવ્યા,
પૈસા ગ્રહી પરરાજ્યના, ભંડાર ભેગા ભેળવ્યા;
પણ નાર કુલટા નીવડયાથી, ગર્વ રાજાનો ગળે,
આ સાર વિણ સંસારમાં, દુઃખ મુક્ત જન કો નવ મળે. ૪
કૈંને કુટુંબનું દુઃખ છે, કૈંના શરીરે રોગ છે,
ધન સંતતી વિણ કૈં દુઃખી, વ્હાલાં મુઆનો શોક છે;
એ રીત કો'ના શિરપરે, સંપુર્ણ સુખ જળ નવ ઢળે,
આ સાર વિણ સંસારમાં, દુઃખ મુક્ત જન કો નવ મળે. ૫

મ્હારી દુર્બુદ્ધિ કાપો !

(દેખુંગી જ્યારે અબ્બાકા મૂખડા—એ ઢબ.)

કાપોરે ! દુર્બુદ્ધિ દયાળુ પિતા. (૨)
આપો આપો આપો આપો, આપોરે સદ્બુદ્ધિ કૃપાળુ પિતા. કા.
મોહન વર છો, શ્યામ સુંદર છો, ટાળો દુઃખ આ;
મ્હારૂં મ્હારૂં મ્હારૂં રે, મોહનજી મયાળુ પિતા—કાપોરે૦
ભવ દરિયામાં ભુલો પડયો છું, ડુબી મરૂ છું;
તારો તારો તારો રે, ત્રીકમજી કૃપાળુ પિતા—કાપોરે૦
દિન-શંકરની અર્જ સ્વીકારો, જ્યાં ત્યાં તમને;
ભાળું ભાળું ભાળું રે, સર્વત્ર નિહાળું પિતા—કાપોરે.

હે નાથ મને તારો !

મહીદીપ છંદ.

જય જય જગનાથ હાથ, ઝાલિને ઉગારો,
દુઃખ છે અનેક એક, આશરો તમારો;
ભવનિધી વિષે તણાય, નાથ નાવ મારૂં,
કૈં નથી ઉપાય તાત, શર્ણ છે તમારૂં. ૧
કામ ક્રોધ મોહ લોભ, નાવમાં ભરાયા,
પાપ કેરા પોટલા, અપાર ઉભરાયા;
જ્ઞાન શઢ તૂટી ગયો, ગર્વ વાયૂ વાયો,
અજ્ઞાન અંધકાર ઝટ, અંતરે છવાયો. ૨

નાવ જો તણાઇ નરક, ખડકમાં કુટાશે,
દુષ્ટ જીવ તણી હાય, દુર્દશાજ થાશે;
પાપ તો અમાપ બાપ, જન્મ ધરી કીધું,
મુક્તિની ન જુક્તિ જાણી, વિષય વારિ પીધું. ૩
આપનું લગાર વાર, નામ ના જપાયું,
મોજ શોખમાંજ હાય! આયુ સૌ ખપાયું;
પણ હવે દયાળુ દેવ, દીલ દયા લાવો,
જ્ઞાન હાથ આપિ નાથ, નાવને બચાવો. ૪

આરતી.

જય દેવ, જય દેવ.
જય જય પરમાત્મા, પ્રભુ જય જય પરમાત્મા;
અશરણ શરણ વિભૂજી (૨) શ્રીધર ધરમાત્મા. જય૦
સુખ કર્તા દુઃખ હર્તા, દીન બંધુ દેવા-પ્રભુ દીન બંધુ દેવા;
ભવતારક ભૂધર છો (૨) સદા કરૂં શેવા- જય૦
વિશ્વંભર વનમાળી, સુખકર શામળીઆ-પ્રભુ સુખકર શામળીઆ
નરહરિ નટવર નાગર (૨] બળદાયક બળીઆ. જય૦
જગ કર્તા જગનાયક, જગદીશ્વર સ્વામી-પ્રભુ જગદીશ્વર સ્વામી;
અકળ કળા કરનારા (૨) નમુ હું બહુ નામી. જય૦
દિન શંકરની અરજી, અંતરમાં ધરજો-પ્રભુ અંતરમાં ધરજો;
સદ્ગુણ ભક્તિ ભરજો (૨) મમ દુર્ગુણ હરજો. જય૦

સમાપ્ત.

રોગીપણું એ રીબાવનારૂં હમેશનું મૃત્યુ છે.
રોગોથી દુર રહેવું એ સુખની સીમા છે.

અમૃત તુલ્ય

આતંકનિગ્રહ ગોળીઓ.

શરીરમાંથી અશક્તિનાં તમામ કારણોને દુર કરી રોગોને મટાડે છે તથા તંદુરસ્તીને ટકાવે છે. તે અખુટ અખંડ શકિતનો ભંડાર છે. કિંમત ઘણીજ ઓછી એટલે ચાર અઠવાડિયા માટે માત્ર એજ ડબી અને એક ડબીનો માત્ર એકજ રૂપિયો.

આળસ કરી દિવસો કહાડવાથી અશકિત અને રોગનું બળ વધે છે, માટે આજેજ એ ગોળીઓ મંગાવો અને તુરત બળવાન તથા પુષ્ટ બનો.

વૈદ્ય શાસ્ત્રી મણિશંકર ગોવિંદજી,
જામનગર–કાઠિયાવાડ.

લાખો જુવાનોની બરબાદ થતી જીંદગીને સુધારી સુખી કરનાર

કામશાસ્ત્ર.

જો તે તમારા વાંચવામાં ન આવેલું હોય તો નીચે જણાવેલાં સરનામે આજેજ પત્ર લખી તે મંગાવી લ્યો જેમ તેની કિમંત લેવામાં નથી આવતી તેમ તેનું પોરટેજ પણ લેવામાં નથી આવતું.

વૈદ્ય શાસ્ત્રી મણિશંકર ગોવિંદજી,
જામનગર–કાઠિયાવાડ

ચારૂતરનું
અમૃતબિંદુ.

આજ કાલ કરતાં ૨૦) વર્ષથી હું એવી શોધમાં હતો કે એવી કોઇ દવા શોધી કાઢવી જોઇએ કે જે ખરેખર માણુસજાતને આશિરવાદ સમાન નીવડે. એકજ નાંની શીશી ગજવામાં રાખવાથી આખું દવાખાનું નિરૂપયોગી કરી શકાય—કહો કે વાસકોટના ગજવામાં એક મોટું દવાખાનું નાંની શીશીમાં લઇને દેશ—પરદેશ ફરી શકાય તેવી કોઇ દવા શોધી કાઢવાનો મારો વિસ વર્ષનો પ્રયત્ન આજે ફળીભુત થયો છે. પરવરદીગારની પરમકૃપાથી આજ આ અમૃતબિંદુ પ્રજાસનમુખ રજુ કરવાને હું ભાગ્યશાળી થયો છું. કોઇ પણ પ્રકારની વગર જોખમની અને નાના પ્રકારના તરેહવાર રોગો ઉપર તાત્કાળીક અસર કરે તેવી દવા આ અમૃત બિંદુ સેંકડો નિષ્ફળતા પછી આજે પ્રાપ્ત થઇ છે. અમૃતબિંદુ જગતના વ્યવહારમાં લાવવા પહેલાં વિચાર કરવાનો અને અજમાવી જોવાનો પુરતો વખત લઇને જ્યારે મારા અંતઃકરણે મને ખાત્રી આપી છે કે આ દવા જાહેરમાં લાવવા માટે તદન લાયક છે. ત્યારેજ હું આજે બહાર પડ્યો છું. આશા છે કે લાયકને લાયક ઉતેજન મળશેજ.

ચારૂતરનું અમૃતબિંદુ.

શું ચીજ છે તે માટે સારો કે ખોટો અભીપ્રાય માની લેવામાં ડહાપણ નથી; ખરૂં છે કે આ ધતીંગના જમાનામાં જાહેરાતોનાં જુઠાણાદ્વારા પ્રજાનો વિશ્વાસ નષ્ટ કરવામાં આવ્યો છે. પણ જ્યાં સુધી એક સત્ય વાર્તા ફેલાવવાનું બીજું કોઇ વધારે ઉત્તમ સાધન મળે નહીં, ત્યાં સુધી જાહેરાતોનુંજ શરણ લેવા વિના પ્રમાણીક વેપારીઓનો પણ છુટકો નથી, ગમે તેવો ચાલુ માલ હોય પણ જો જાહેરાતોનું બાયકોટ કરવામાં આવે તો થોડાજ સમયમાં તે

માલ જગતમાંથી બાયકોટ થયા વિના રેહેજ નહીં. એ વાત નિશ્ચય જાણવી; તેટલા માટે હમો હમારા વાંચનારાઓને નમ્રતાપુર્વક વિનંતી કરીએ છીએ કે, જયાં સુધી આપે "**અમૃતબિંદુ**" ની અજમાયશ જાતે પોતે લીધી હોય નહીં, ત્યાં સુધી તે સંબંધી આપનું મત રીઝર્વડ રાખશો. વિસ વર્ષના લાંબા અનુભવે હમોને શિખવ્યું છે કે ઘણા નીંદાખોર લોકો કાંઇ નવી ચીજ જુવે છે કે કાંઇપણ કારણ કે સબબ વિના તેને વિષે માઠું બોલ્વાજ મંડી જાય છે. તેજ માટે આટલું લખવું પડયું છે.

ચારૂતરનું.

અમૃતબિંદુ.

કોઇ આકાશી જાદુઇ ચીજ હોવાનો હમે દાવો કરતા નથી. આ હીમાલયના મહાત્માઓની પ્રસાદી હોવાની રસીલી વાતોથી વાંચનારાઓને હમે ફસાવવા માગતા નથી. **અમૃતબિંદુ** ખરેખરી રીતે દેશી અને અંગ્રેજી વૈદકમાં માન્ય રાખેલી ચીજોની મેળવણી માત્ર છે. સેંકડો વખત આ ચીજો તમારા હાથ નીચે આવી ગઇ હશે, અને વારંવાર આવતી હશે પણ "જાણે તેનો કહોયડો" "મારે તેની તરવાર" "ભણે તેની વિદ્યા" એ રીતે હમારી મહેનતનુંજ આ ફળ છે. આ સુચી પત્રમાં બતાવેલા સર્વ રોગ તે ખાત્રીપુર્વક સારા કરે છે.

અજીર્ણ

સર્વ રોગનું કારણ અજીર્ણ—બદ હજમી છે. માણસને જયારે ખોરાક ઉપર અરૂચી થાય છે ત્યારે જાણવું કે રોગની શરૂઆત થઇ ચુકી છે માટે તેનો તત્કાળ ઉપાય કરવો. ગમે તેવા અજીર્ણમાં **અમૃતબિંદુ**ના માત્ર બેજ ટીપાં ઘણીસારી અસર કરે છે. એકજ દીવસમાં કકડીને ભુખ લાગે છે અને કોઇપણ પ્રકારનો ખોરાક ખુશીથી જરપત કરી શકાય છે. જો પંદર દીવસ લાગટ બેબે ટીપાં **અમૃતબિંદુ**નાં લેવામાં આવે તો હમેશ કરતાં ડબલ ખોરાક ઉડાવી શકાય છે અને તે પાચન કરી શકાય છે.

ઉપયોગ—રોજ બંને વખત જમ્યા પછી એક ચમચા પાણી સાથે અથવા દસ ટીપાં સુંઠના અર્ક સાથે બેબે ટીપાં અમૃતબિંદુ પીવું. સુંઠનો અર્ક અગર હમારે ત્યાંથી મંગાવશો તો દર શીશી ૩ ૦ાા પડશે.

ઝાડા, સંગ્રહણી.

ઝાડા, સંગ્રહણી, કોલેરા અતીસાર. ઉલટી, એ રોગોમાં **અમૃતબિંદુ** ઘણીજ અકસીર દવા છે. દીવસમાં ૧૦–૧૦ વખત ઝાડા થતા હોય, પાતળાં પેટ આવતાં હોય ખાધું કે તુરત ઝાડા છુટી જતા હોય કે સાધારણ ઝાડા થતા હોય, ટુંકમાં જેને ઝાડાનો રોગ હોય તેણે પેહેલી તકે અમૃતબિંદુનો ઉપયોગ કરવો. એકજ દીવસમાં તે ખાત્રી પુરવક આરામ પહોંચાડે છે. ઉલ્ટી શરૂ થતાની સાથેજ જો અમૃતબિંદુનો ઉપયોગ કરવામાં આવે તો પાંચ દશ મિનીટમાં ફાયદો પહોંચાડે છે. જ્યાં જ્યાં કોલેરાનો સંભવ હોય અથવા ઉપરા છાપરી જમણવાર ચાલતાં હોય, યાત્રામાં થંડા પાણીના સ્નાન, ખોરાકનું અનીયમીતપણું અને રખડપટ્ટીથી સરદી લાગી ઉપરના રોગ થવાનો સંભવ છે તેવે સ્થળે એક એક શીશી અમૃતબિંદુની ગજવામાં રાખવી તે ઘણું ડહાપણ ભર્યું છે. પોતાનો અને બીજાનો કીંમતી જાન બચાવવા માટે દરેક ગ્રહસ્થની ફરજ છે કે તેણે અમૃતબિંદુની એક શીશી ગજવામાં રાખવાની હમેશાં સંભાળ રાખવી.

ઉપયોગ—દીવસમાં બેથી ચાર વખત અથવા ઘણા ઝાડા ઉલ્ટી હોય તો કલાકે ચારચાર ટીપાં અમૃતબિંદુ થોડા પાણી સાથે ઝાડા ઉલ્ટી બંદ થતાં સુધી લીધાં જવું, અથવા વધારે જરૂર જણાય તો અંદર બે બે ટીપાં લવિંગનો અર્ક નાંખવો. લવિંગનો અર્ક રુ. ૦ાની એક શીશી એ પ્રમાણે હમારે ત્યાંથી મળી શકશે.

ચુંક, આંકડી, પેટદર્દ.

ઠંડાં પાણીમાં રેહેવાથી, ખોરાકની સંભાળ નહી રાખવાથી, વાયડી ચીજો ખાવાથી, તેલમાં તળેલાં પદાર્થ ગળચી ગળચીને ખાવાથી, ભૂખ ન હોવા છતાં ખોરાક લેવાથી, અને બીજાં અનેક કારણોથી પેટમાં ચુંક અથવા આંકડી પેદા થાય છે. ઝાડો કબજ થાય છે. અને કેટલીક વાર તો એટલી બધી ચુંક આવે છે કે તે સ્હન થઇ શકતી નથી અને આસપાસના માણસોને ગભરાવી મારે છે તેવી વખતે અમૃતબિંદુની માત્ર બેજ ટીપાંથી જાદુઇ અસર થાય છે, માત્ર ૧૫ મીનીટમાં દરદ દફે થાય છે અને એક કે બે દીવસ દવા ચાલુ રાખવાથી પ્રકૃતી પાછી અસલ હાલતમાં આવી જાય છે. ઉપયોગ દર કલાકે આંકડી બંધ થતાં સુધી બેબે ટીપાં **અમૃતબિંદુ** એક એક ચમચા દુધ યા પાણી અથવા વલયારીના અર્કનાં દસ ટીપાં સાથે લીધાં કરવી. તેમજ પાવલીભાર તપખીર (છીંકણી) માં ૧ ટીપું અમૃતબિંદુનું મેળવીને દુટીમાં ભરવી. વલ્યારીનો અર્ક એક શીશી રૂ. ૦II ભાવે હમારે ત્યાં પણ મળે છે.

ખાંસી, દમ, સ્વાસ.

ખાંસી—દમ—સ્વાસ, ક્ષય બાળકોનું ઉટાટીઉં, વિગેરે છાતીનાં દરદો ઉપર **અમૃતબિંદુ** ઘણી અસર કારક દવા છે. બે ત્રણ દીવસ દવા ચાલૂ રાખવાથી જરૂર આરામ પહોંચે છે. " રોગનું ઘર ખાંસી " એ વાત યાદ રાખજો. અને શરૂઆતના ઉપાય તરીકેજ અમૃતબિંદુ ઉપયોગમાં લેજો. જેથી તમારી જાતનું અને પૈસાનું રક્ષણ કરી શકશો. દમ અને ક્ષયના દરદીઓએ સામાન્ય રીતે એક મહીનો દીવસ અમૃત-બિંદુનું સેવન ચાલુ રાખવું જોઇએ. ઓછા ખર્ચે, વગર તકલીફે અને ટુંકી મુદતે ફાયદો મેળવવાનો રસ્તો આ એક છે

ઉપયોગ—બે બે ટીપાં અમૃતબિંદુ રોજ સહવાર સાંજ એક ચમચા દૂધ સાથે પીવું તથા આઠ તોલા તલના તેલમાં ચાર આનીભાર અમૃત-બિંદુ મેળવી શીશીમાં રાખવું અને રોજ તેમાંથી થોડું છાતીયે ચોળી ઉપરથી ગરમ કપડાનો શેક કરવો.

શીરદરદ, આધાશીશી, સળેખમ.

માથાનો ગમે તેવો સખત દુખારો, સણકા, ચસ્કા, આદાશીશી, વિગેરે રોગોમાં **અમૃતબિંદુ** ખાત્રી ભરેલી દવા છે. માત્ર બે પાંચ મીનીટમાંજ પુરો આરામ થઇ જાય છે, જાણે કદી માથું દુખતુંજ નથી, તાવમાં પણ જયારે માથું દુખતું હોય ત્યારે આ દવાથી માથુ દુખતું તો મટી જાય છેજ. ગમે તેવો સખત દુખારો પાંચ મીનીટમાં સાફ થઇ જાય છે. ઝામરના દરદીએ પણ અમૃતબિંદુનું સેવન કરવું કે જેથી તેઓ ખાત્રીથી ફાયદો મેળવી શકશે.

ઉપયોગ—એક ટીપું કપાળ ઉપર ચોળવું. પાંચ મીનીટમાં આરામ નહી થાય તો ફરીથી બે ટીપાં ચોળવાં. સંભાળ રાખવી કે આંખમાં લાગે નહી.

આંખનો દુખાવો.

આંખોનો દુખારો, કળતર, લાલી, ગરમી વિગેરે દુર કરવા માટે સૌથી સરસ દવા માત્ર **અમૃતબિંદુ** છે. આંખોની ગરમી દુર થઇ જાય છે. અને લાલી કપાઇ જાય છે. જયારે આંખમાં રેતી કે કાંઇ રજ જેવું પડયું હોય છે અને ઘણું ખુંચે છે ત્યારે તે કાઢવાનો ઉપાય આંખમાંથી પાણી પુષ્કળ કાઢવું તે છે. આંખોમાંથી પુષ્કળ પાણી કાઢવા માટે અમૃત બિંદુ ઘણી સરસ અને સસ્તી દવા છે.

ઉપયોગ—આંખ ઉપર ભમરની ઉપર એક ટીપું ચોળવાથી તુરત આંખમાંથી પાણી વહેવા માંડશે—અને ગરમી ઝરી જશે.—સંભાળજો જરા પણ આંખની અંદર જવા નહી પામે. જો ૧ તોલા સુરમામાં માત્ર એકજ ટીપું અમૃતબિંદુ મેળવી પછી એ સુરમો આંખમાં આંજવામાં આવે તો તેથી પણ લાભ થાય છે.

દાંત દાઢમાં કળતર.

દાંતમાંથી લોહી નીકળવું, દાઢમાં કળતર, દંતશુળ, સણકા વિગેરે દાંતના રોગો ઉપર તત્કાળ અસર કરવા માટે અમૃતબિંદુ ખાત્રી ભરેલી દવા છે દાઢના સણકાનો રોગ કેટલો ત્રાસદાયક છે તે વિતે તેજ જાણે. એક એક મીનીટ તેવા દરદી માટે એક એક યુગ સમાન છે. તેવા વખતે અમૃતબિંદુ માત્ર લગાડવાની ખોટી છે, દાંત કે દાઢને દવા અડતાંની સાથે આરામ થઇ જાય છે. જેમને દાંતનો રોગ અસલથીજ હોય તેમણે રોજ બ્રશ ઉપર એક ટીપું પાડીને તેનાથી દાંત ઘસવાની ટેવ રાખવાથી કદી પણ દાંતની પીડા થશે નહી. દાઢના સણકા ઉપર જરા પુમડું ભીજવી કળતરવાળાં ભાગ ઉપર લગાડવું.

કાનના સણકા.

પરૂ વ્હેવું, કાનમાં દુખાવો, બેહરાપણ, કર્ણસુળ, વિગેરે કાનનાં સઘળાં દરદો ઉપર અમૃતબિંદુનો ઉપયોગ કરવો જોઇએ. એક તોલા ડુંગળીના રસમાં અથવા ૧ તોલા તલના તેલમાં, અથવા એક તોલા દારૂમાં માત્ર એક ટીપું અમૃતબિંદુનું મેળવી તેના કાનમાં ટીપાં પાડવાનું મટતાં સુધી ચાલુ રાખવું.

દરાજ, ધાધર, ખસ, ખારજવું.

દરાજ અથવા ધાધર ઉપર અમૃતબિંદુ રામબાણ દવા છે. બેત્રણ વખતજ લગાડવાથી આરામ થાય છે. ખસ અને ખરજવાં ઉપર પણ તે ઘણીજ અકશીર દવા છે. આવા રોગોમાં જુદી જુદી દવાઓ કરીને જેઓ કંટાળી ગયા હોય તેમણે છેવટના ઉપાય તરીકે અમૃતબિંદુની અજમાયશ લેવી અને હમે ખાત્રીથી કહીએ છીએ કે જેમનાં એ દરદનું આયુષ્ય પુરૂ થયું હશે તેમને અમૃતબિંદુના ઉપયોગની સલાહ ખરીજ લાગશે. પણ

જેમનાં એ દરદોનો છેડો આવવાનું હજી દુર હશે તેઓ બીજી દવાઓનો ઉપયોગ કરવા પછી અમૃતબિંદુ વાપરશે.

ઉપયોગ—એક તોલા તલના તેલમાં ચારટીપાં અમૃતબિંદુ નાંખી દાદર ઉપર ચોળવું. ખસ ઉપર લગાડતી વખતે અગર અગન બળે તો તલના તેલની જગાએ ચંદનનું તેલ લેવું ચંદનનું તેલ હમારે ત્યાંથી રૂ. ૧ માં એક શીશી મળશે.

સોજો.

કાંઇક લાગવાથી, ઘસારાથી અથવા બીજા કોઇ રોગથી શરીરમાં અમુક ભાગ ઉપર સોજો આવી જાય છે. તેના ઉપર **અમૃતબિંદુ** ઘણી અકસીર દવા છે. એક અથવા બેવાર લગાડતાંની સાથેજ સોજો ઉતરી જાય છે. **ઉપયોગ**—દીવસમાં બેત્રણ વખત એક એક બે બે ટીપાં અમૃતબિંદુ મસળવું. સંભાળજો આંખમાં લાગે નહી.

સંધીવા—લકવા.

અર્ધાંગ વાયુ, સંધીવા લકવો, વિગેરે દરદ ઉપર ખાસ કરીને અમૃત બિંદુ વાપરવા લાયક છે. સાંધાઓ ઝલાઇ જઇ માણસ ખાટલા વશ કેમ નહીં થયો હોય. પણ લગાડતાં લગાડતાંજ આરામ થતો ખુલ્લો ખુલ્લો જણાય છે. એકજ દીવસમાં દરદી પોતાને કરાર વળેલો જણાવે છે—સાધારણ હાથ પગમાં થતો ફાટ તોડ—ચુથારો, ઝઝણી આવી સાંધાઓમાં કળતર થવું, કમરમાં દર્દ, બરડાની કરોડમાં દુખારો સુળ, પાંસળાંમાં કળાંતર, છાતીમાં દુઃખ થવું, હાથ પગનું ભનાઇ જવું. વિગેરે દરદોમાં સસ્તી કીંમતે જલદી આરામ મેળવવાનો એકલો રસ્તો અમૃતબિંદુનો ઉપયોગજ છે. થોડાક કલાકમાંજ તે મનમાનતો ફાયદો પહોંચાડે છે. ગમે તેવા જુનાં દરદ ઉપર પણ એકજ શીશી પુરતી છે. ૧૦૦) રુપીયાના ખરચે જેઓનો લકવો સારો થયો હતો નહીં તેવા દરદીઓને અમૃતબિંદુની એકજ શીશીએ સંતોષકારક આરામ પહોંચાડયો હતો. એવા એક નહીં પણ

અનેક દરદીઓ ઉપર તેની અજમાયેશ લેવાઇ છે. અને તે સઘળામાં તે ફતેમંદજ નીવડયું છે. સરસવનું અથવા તલનું તેલ, ટરપેનટાઇન કે ધાસલેટ એક તોલો લઇ તેમાં ાા તોલો અમૃતબિંદુ મેળવી દુખતા ભાગ ઉપર ખુબ ચોળવું. ઉપરથી ગરમ કપડાનો સેક કરવાથી જલદી આરામ થશે. અગર આગન બળતી જણાય તો અમૃતબિંદુ ાા ને બદલે ૦ા તોલો લેવું.

કમજોર-નિર્બળતા.

શરીરમાં લોહી ચઢતુંજ નહી હોય, ગમે તેવા ઊંચા ખોરાકની જાણે શરીર કીંમતજ નહીં કરતું હોય, આખો દિવસ સુસ્તી લાગતી હોય, આંખો નિસ્તેજ મોં ફીકું, ડાચાં બેઠેલાં, છાતીનાં પાંસળાં ૫૦ કદમ દુરથી ગણી શકાતાં હોય, પાંચશેર ભાર ઉંચકી પાંચ ડગલા ચલાતું નહી હોય. પવન આવે તો ઉડી જાય તેવું શરીર હોય, ચાલતા સ્વાસ ભરાઇ જતો હોય, મન હમેશાં ઉદાસ રહેતું હોય, જીવ બળબળ થયા કરતો હોય, રસજ્ઞ પણ જતું રહ્યું હોય. નિરાશામાં દીવસો વ્યતિત થતા હોય ઉઠીને ઉભું થવું ભારી પડતું હોય, આખો દીવસ સુઇજ રહીએ એમ લાગતું હોય, મગજ ઉપર પુષ્કળ બોજો લાગતો હોય યાદ શક્તિનો નાશ થયો હોય, મગજમાં અનેક ગુચવાડાઓ ઉભા થતા હોય, ટુકમાં જ્યારે શરીર કેવળ શક્તિ વગરનું થઇ ગયું હોય ત્યારે અમૃતબિંદુનો જરૂર ઉપયોગ કરવો. અંદરના અને બહારના ઉપયોગથી શરીર જોરાવર, હાડકાં ચીકણાં, અંગ ભરાવાદાર ચહેરો ગુલાબી છાતી ઉઠાવદાર, કંમર મજબુત્ત, હાથ પગ તાકાતવાળા, આંખો તેજસ્વી અને મન ઊમંગી બની મગજ પણ આનંદી બને છે. એકજ શીશીનો ઉપયોગ તમોને જરૂર સંતોષ આપશે. વિદ્યાર્થીઓએ ખસુસ કરી વાપરવું જોઇએ. ધાતુ પૌષ્ટીક દવાઓમાં પેહેલો નંબર અમૃતબિંદુનો આવે છે

ઉપયોગ—એક તોલો ઘી અને અડધો તોલો મધ, અથવા ૧ તોલો માંખણ અને અડધો તોલો પીસેલી સાખર, અથવા એક તોલો બદામનું તેલ, અથવા ૧૦ તોલા દુધ એમાંનાં કોઇપણ અનુપાન સાથે બે બે ટીપાં અમૃતબિંદુ સહવાર સાંજ લેવું.

હરસ.

હરસની પીડા જેને વીતે તે જાણે—જ્યારે હરસની દવા કરી કરીને તમો કંટાળી ગયા હોય ત્યારે છેલ્લા ઉપાય તરીકે માત્ર અમૃતબિંદુ અજમાવજો અને ખાત્રીથી એ પીડા હમેશની દુર થઇ જશે.

ઉપયોગ—રોજ સહવારમાં અડધો તોલો વાટેલું નાગકેશર, ૦ાા તોલો વાટેલી સાકર ભેગાં કરી તેમાં બે ટીપા અમૃતબિંદુ નાંખી ફાકી મારવી અને ઉપરથી ૦ા શેર દુધ પીવું જો ફાકવું પસંદ નહી હોય તો માખણમાં મેળવી ચાટવું.

ઉચું નાગકેશર દળેલું તૈયાર શીશી ૧) નો રૂ. ૦ા હમારે ત્યાંથી પણ મળશે.

મ્હોં—આવવું

ગમે તે કારણથી મોં આવ્યું હોય, અવાળુ ફુલીગયાં હોય, મોંમાં ચાંદા—ચ્હારાં પડીગયાં હોય બધું બેચાર વખતમાંજ મટી જાય છે.

ઉપયોગ—૦ા તોલો કબાબચિની (ચીણીકબાલા) બારીક વાટી તેમાં માત્ર **એકજ** ટીપું અમૃતબિંદુનું નાંખી મેળવી મોંમાં ચોપડવું અને મોં ગળતું મુકવું. (લાળ જવા દેવી) એ રીતે દીવસમાં ત્રણ કે ચાર વખત કરવું.

પ્રમેહ.

ગમે તે જાતનો ગમે તેવો પ્રમેહ હશે પણ અમૃતબિંદુથી તે જરૂર મટશેજ.

ઉપયોગ—રોજ સહવારમાં ૧) તોલો વાટેલા ગોખરૂ, ૧ તોલો દાડમડીનાં પાદડાંનો રસ ૧) તોલો દળેલી સાકર ત્રણે મેળવી તેમાં બે ટીપાં અમૃતબિંદુ નાંખી પી જવું, અથવા ૧૦—૧૨ ટીપાં ચોખું ચંદનનું તેલ લઇ તેમાં બે ટીપાં અમૃતબિંદુ મેળવી રોજ સહવારમાં ચાટી જવું ચંદનનું ચોખ્ખું તેલ હમારે ત્યાં પણ મળશે. કીંમત રૂ. ૧

ચામડીનું ફાટવું.

શિયાળામાં ઘણું કરીને દરેક માણસના હાથ પગની ચામડી ઓછી વધારે પણ ફાટવા વિના નથી રહેતી. તેવે પ્રસંગે અમૃતબિંદુ ઘણીજ અકસીર દવા છે.

ઉપયોગ—માંખણુ, ઘી, તેલ, દીવેલ, અથવા વેસેલીન એમાંથી કોઇ પણ ચીજ ૦ાા તોલો લઇ તેમાં બે ટીપાં અમૃતબિંદુ નાંખી ચોળવું એટલે જલદી આરામ થઇ જાય છે.

ઝેરી ડંખ.

ભમરી, વીંછુ, મધમાંખ, ચાંચડ માંકડ, મચ્છર, કાનખજુરો વિગેરેના ડંખ ઉપર અમૃતબિંદુ અમુલ્ય દવા છે. હજારો વખત તેની અજમાયેશ લેવાઇ છે અને હજી સુધી એક વખત પણ નિશ્ફળતા મળી નથી દવા લગાડતાં વારજ અસર થવા માંડે છે અને પાંચ મીનીટમાં તો દરદનું ચિન્હ પણ રહેતું નથી. ઉપયોગ—ડંખ ઉપર એક ટીપું અમૃતબિંદુ ચોળવું.

પ્લીહા—બરોળ.

બરોળના દરદીએ ખાસ કરીને અમૃતબિંદુ અજમાવવું. જ્યાં બીજી કોઇ દવાએ ફાયદો નથી પહોંચાડયો, ત્યાં તે જરૂર સારૂં પરીણામ લાવશે. થોડા ખરચે જલદી આરામ કરવાનો એજ રસ્તો છે કે, અમૃતબિંદુની અજમાયેશ લેવી. ઉપયોગ—સાચા મોતીની છીપની ભસ્મ બે આની ભાર લઇ તેમાં બે ટીપાં અમૃતબિંદુ મેળવી રોજ દીવસમાં બેવાર જમ્યા પછી ખાવી. છીપની ભસ્મ અમારે ત્યાંથી મંગાવવામાં આવશે તો રૂ. ૧)ની ૧ તોલો એ હીસાબે મોકલવામાં આવશે.

અંડવૃદ્ધિ.

એક બે અને ત્રણ વખત લગાડતાંની સાથેજ ફાયદો થતો નજરે પડે છે, માત્ર આઠ દીવસમાંજ સદંતર આરામ થઇ જાય છે. ગમે તેવા

કેસમાં તે પોતાનું કામ સંતોષકારક બજાવે છે. ઉપયોગ—૧ તોલો દીવેલમાં ૦)= ભાર અમૃતબિંદુ મેળવી સવારમાંજ એ મીશ્રણ ચોળવું.

નપુશકતા.

વિર્યનો કોઇ પણ રીતે નાશ થવાથી આ દરદ ઉત્પન્ન થાય છે. સૃષ્ટીવિરૂધ્ધ કર્મ, હસ્તદોષ, અતિશય વિહાર, રાતદીવસ હલકી મોજના વિચારો, બીભસ્ત વાંચન લેખન, સ્વપ્નાવસ્થા ઇત્યાદી કારણોથી વિર્યનો અઘટીત રીતે નાશ થઇ માણસ પુરૂષત્વ ખોઇ બેસે છે. તેવે વખતે તેમને ચીંતામાંથી મુક્ત કરનાર એક અમૃતબિંદુ એજ ખરો આધાર છે. ધાતુક્ષીણતાથી નસો ઢીલી પડી જઇને શિથિલતા પ્રાપ્ત થાય છે, ઢીલી પડેલી નસોને પાછી તંગ બનાવી તેમાં તાકાત લાવવા માટે અમૃતબિંદુ રામબાણ દવા છે. પુરૂષત્વના નાશથી જેઓ રાત દીવસ ચીંતામાં રહેતા હોય, હજારો જાતની દવાઓ વાપરીને જેઓ નિરાશ થઇ ગયા હોય, તેઓને છેલ્લા ખાત્રી ભરેલાં ઉપાય તરીકે અમૃતબિંદુ વાપરવાની ભલામણ કરવામાં આવે છે. અને હમો ખાત્રી આપીએ છીએ કે એકજ શીશીથી તેઓની ભવની ચીંતા ખચીત ટળી જશે. ઉપયોગ—રોજ સહવાર સાંજ ૦॥ તોલો તલના તેલમાં એક ટીપું અમૃતબિંદુ મેળવી તેને ચોળવું.

પ્રદર રોગ.

સ્ત્રિયોના પ્રદર રોગ ઉપર **અમૃતબિંદુ** અજાયબ અસર કરે છે. રક્ત યા સ્વેત ગમે તે પ્રદર ઉપર તે આપી શકાય. બેચાર દીવસમાં તેનાથી આરામ થઇ જાય છે. સ્ત્રિયોને તનદુરૂસ્ત, આરોગ્ય, મજબુત બાંધાની રાખવાથી તેમની સંતતી પણ નિરોગી બનાવી શકાય છે. સ્ત્રિયોને નિરોગી બનાવવા માટે દર વરષે એક શીશી અમૃતબિંદુ આપવામાં આવે તો સુવાવડોમાં આવનારી નબળાઇથી પણ તેમનું રક્ષણ કરી શકાય. ઉપયોગ—સહવાર સાંજ જમ્યા પછી દરેક વખતે ૦॥ તોલો નાગકેશર (ઝીણું વાટેલું) લઇ તેમાં એક તોલો માખણ તથા બે ટીપાં અમૃતબિંદુ મેળવી ખાવું. ઉપરથી રૂચીઅનુસાર તાજુ દુધ પીવું,

સરદી.

અતિશય સરદી થઇ જવાથી માણસ ઘણીવાર ઠંડો ગાર બની જાય છે. આ સ્થિતિ ઘણી ભયંકર છે અને જો આવી સ્થિતીમાંથી તત્કાળ તેને બચાવવામાં નહીં આવે, આંગમાં ગરમી લાવનારા ઉપચારો કરવામાં નહીં આવે તો થોડા કલાકોમાં તેનું આયુષ્ય પુરૂં થઇ જાય છે. ગરમી લાવનારા બીજા સઘળા ઉપચારોમાં તત્કાળ કામ લાગે, જલદી અસર કરે અને વળી સસ્તો પડે તેવો ઉપાય **અમૃતબિંદુજ** છે. આવી સ્થિતીમાં તે પગનાં તળીએ ચોળવાથી આખા શરીરમાં ગરમી આવી જાય છે અને બે ટીપાં પેટમાં જતાંની સાથેજ હુશિયારી આવી જાય છે. **ઉપયોગ—**એક તોલો સરસીનું તેલ લઇ તેમાં ૧૦ ટીપાં અમૃતબિંદુ મેળવી ખુબ ચોળવું વધારામાં જરૂર જણાય તો ૧૦ ટીપાં તજનું તેલ ઉમેરવું તજનું તેલ હમારી પાસેથી મંગાવતાં રૂ. ૦॥ ની એક શીશી મોકલવામાં આવશે.

તાવ.

ઠંડીનાં લખલખાં આવીને, રોજીંદો, એકાતરીયો, ચોથિયો ગમે તેવો તાવ આવતો હોય તેને નાબુદ કરવાનો સહેલો ઉપાય " અમૃતબિંદુ " છે. જીર્ણજવર ઉપર પણ તે ઘણું સારૂં કામ કરે છે. સેંકડે ૮૦ માણસોને તેથી આરામ થઇ જાય છે, **ઉપયોગ—**તુળસી, આદુ અને ખાવાના પાન પ્રત્યેકનો રસ (૦।) પા પા તોલો મેળવી તેમાં બે ટીપાં અમૃતબિંદુ નાંખી દરદીને દિવસમાં બે વખત પાવું.

ન્હારૂ.

ન્હારૂ અથવા વાળો એ એક જાતનો તારના રૂપનો કીડો છે. ખરાબ પાણીથી અથવા બીજા ઘણા કારણોથી માણસના શરીરના ગમે તેવા ભાગમાં વાળો નીકળે છે. એકવાર વાળો બહાર દેખાયો કે તેને બાંધી રાખવો પડે છે. કારણ તાણી કાઢતાં જો તે તુટી જાય છે. અથવા અંદર પાછો પેશી જાય છે તો તે પોતાનો રસ્તો ફેરવે છે અને ઘણી ઘણી

વદના દીવસો-મહીનાઓ સુધી આપે છે. અમૃતબિંદુ લગાડવાથી વાળો બળી જાય છે ઉપયોગ—ચાર ટીપાં હીંગનો અર્ક લઇ તેમાં બે ટીપાં અમૃતબિંદુ નાંખી થોડું પાણી ઉમેરી રોજ દિવસમાં ત્રણ વાર પીવું. હીંગનો અર્ક અગર હમારી પાસેથી મંગાવશો તો રૂ. ૦ાા શીશીને હીસાબે મોકલીશું.

જંતુનાશક.

ઘરમાં ખાળ, મોરીઓ, વિગેરે જગાઓ સાધારણ પાણીથી ધોવા છતાં ઘણી દુરગંધી મારે છે તથા જીવ ઉત્પન્ન થાય છે. આવી વખતે ઘરમાં વસનારને ઘણો કંટાળો ઉપજે છે. એટલુંજ નહીં પણ એવી દુરગંધમાં વસવું તે પણ જોખમ ભરેલું છે. થોડા પાણીની અંદર બે ટીપાં અમૃત બિંદુ નાખી જો તેવી જગાઓ સાફ કરવામાં આવે તો દુર્ગંધી દુર થશે. એટલુંજ નહી પણ હાની કરતા જંતુઓનો પણ નાશ થાય છે.

માંકડ.

પલંગ, ખુરસી, ટેબલ, મેજ, કબાટ, અભરાઇ, બારી, બારણાં, ભીંતની તરડો વિગેરે જગાઓમાં માંકડ પુષ્કળ ભરાઇ રહે છે તેમનો નાશ કરવા માટે અમૃતબિંદુ ઘણી અકસીર દવા છે. માંકડનો કંટાળો લગભગ દરેક ઘરમાં હોય છે. અને માંકડના ઉપદ્રવથી બચવાની ઇચ્છા પણ દરેકની હોય ત્યારે માકડનો નાશ કરવા ઉપરાંત જેમાં બીજા સેંકડો ગુણો સમાયલા છે તેવા અમૃતબિંદુની દરેક ઘરમાં જરૂર છે એ વાત પુરવાર થાય છે.

ઉપયોગ—સાબુનું ફીણ બનાવીને તેનું પાણી ગલાસ ભરીને તૈયાર કરી તેમાં ચાર ટીપાં અમૃતબિંદુ નાંખી માંકડ ભરાવાની જગાઓમાં તે ઉતારવું. એથી માંકડ મરી જશે અને મહીનાઓ સુધી તે જગામાં માંકડ ભરાઇ બેસસે નહીં.

ઉપર લખવામાં આવેલા અમૃતબિંદુના સઘળાં ગુણ અતિશયોક્તિથી કેવળ નિરાળા છે. દરેક ઘરમાં તેની આજકાલ જરૂર છે. પોતાના સ્વાર્થને માટે તો ઘણા માણસો આ શીશી ખરીદ કરે છે. પણ પરોપકાર માટે પણ તેની સેંકડો શીશી દયાળુ ગ્રહસ્થો ખરીદ કરે છે. જે ઘરમાં અમૃતબિંદુની એક શીશી છે. તેને વૈદ્ય ડાકટરની જરૂર કવચિતજ પડે છે.

કીંમત.

અમૃતબિંદુની એક શીશી સેંકડો રૂપીયાની કીંમતની છે એમ કહીએ તો પણ ચાલે, કારણ કે તેનાથી વૈદ ડાકટરોના મોટાં બીલો ભરવાનાં બચી જાય છે. પરંતુ હમોએ તેની કીંમત માત્ર રૂ. ૫ રાખી છે.

અડધી કીંમત.

જો કે અમૃતબિંદુની એક શીશી રૂ. ૫ માં મુફત જેવીજ છે. તે છતાં હમો તેનો પ્રજાને જેમ બને તેમ વધારે પરીચય આપવા ઇચ્છીએ છીએ, કે જેથી હમોને ભવિષ્યમાં ફાયદો થાય. દવા એવી તો ઉમદા છે કે એકવાર ખરીદ કરનાર પાસેથી રૂ. ૫) ને બદલે રૂ. ૧૦) માંગવામા આવે તો પણ તે વગર આનાકાનીએ ખરીદશે. તેટલા માટે હાલમાં આવતી વસંત પંચમી સુધી તેની અડધી કીંમત એટલે માત્ર રૂ૦ ૨ાા રાખ્યા છે. તે ઉપરાંત વળી પ્રજામાં આ દવા જાણીતી કરવામાટે

ઇનામો,

ની સીરસ્ટમ નીચે ગોઠવવામાં આવી છે. આ ઇનામો પણ વસંતપંચમી સુધીજ આપવામાં આવશે. તે મુદત વીત્યાબાદ શીશીની કીંમત રૂ. ૫) આપવા પડશે. અને કોઇ પણ જાતનું ઇનામ આપવામાં આવશે નહીં.

૧ એક શીશી લેનારને એક મેજ ઉપર મુકવાનું ખુબસુરત ટાઇમપીસ ઘડીઆળ મુફત આપવામાં આવશે. કીંમત રૂ. ૨ાા વી. પી. થી રૂ. ૩.

૨ બે શીશી લેનારને એક મેજ ઉપર મુકવાનું સુંદર ટાઇમપીસ જેમાં કલાક, મીનીટ જોવાય છે અને એલામની ટકોરી પણ વાગે છે. તેવું ઘડીઆળ ભેટ આપવામાં આવશે. કીંમત રૂ. ૫) વી. પી. થી રૂ. ૫ાા.

૩ ત્રણ શીશી લેનારને ગજવામાં રાખવાનું એક ઘણું સરસ રેલ્વે રેગ્યુલેટર અથવા રાસ્કોપ સીસ્ટમ ઘડીઆળ ઘરાકની ઇચ્છાનુસાર મોકલવામાં આવશે. કીંમત રૂ. ૭ાા વી. પી. થી રૂા. ૮.

૪ ચાર શીશી લેનારને એક ચાંદીનું હાથે બાંધવાનું ઘડીયાળ પટા સાથે ઇનામ આપવામાં આવશે. કીમત રૂ. ૧૦) વી. પી. થી રૂ. ૧૦ાા.

૫ પાંચ શીશી લેનારાને એક બ્રેસલેટ વોચ જે ગ્રહસ્થો અને બાનુંઓના હાથનો ખુબસુરત નકલી સોનાનો રત્નજડીત અથવા સાદો રોલ્ડ ગોલ્ડનો દાગીનો છે. અને જેમાં ઘણું મજબુત ખુબસુરત, ઘડીઆળ છે. તે ઇનામમાં મળશે. કીંમત રૂ. ૧૨ાા વી. પી. થી રૂ. ૧૩).

૬ ૭ શીશી લેનારને ખુબસુરત નકસીદાર, બન્ને બાજુ ઉપર સોનેરી અથવા રૂપેરી ઢાંકણાંવાળું ઘણું મજબુત ઘડીયાળ ઇનામમાં મળશે. કીંમત રૂ, ૧૫) વી. પી. થી રૂ. ૧૫ાા≈.

૭ સાત શીશી ખરીદનારને એક ઘણું મજબુત ગજવાનું ઘડીયાળ ઇનામ મળશે. આ ઘડીઆળને અઠવાડીઆમાં માત્ર એક વારજ ચાવી આપવી પડે છે. રોજ ચાવી આપવાની કટકટ નથી. કીંમત રૂ. ૧૭ાા વી. પી. થી રૂ. ૧૮)

૮ આઠ શીશી ખરીદ કરનારને ઉપર પ્રમાણેનુંજ ખરી ચાંદીના ઘરનું વિક્લી વાઇન્ડીંગ ઘડિયાળ બક્ષીસ મળશે વી. પી. સાથે રૂ. ૨૧)ભરવા પડશે.

૯ નવ શીશી ખરીદ કરનારને એક ફેન્સી કેલેન્ડર વૉચ (ગજવાનું ઘડીયાળ) બક્ષીસ મળશે. આ ઘડીઆળમાં કલાક, મીનીટ, સેકન્ડ ઉપરાંત તારીખ, વાર, મહીનો, તથા ચંદ્રમાની વધઘટ સઘળું ખુલ્લે ખુલ્લું જણાય છે. અમીરઉમરાવોને વાપરવા લાયક આ ઘડયાળો છે. રૂ. ૨૩ાા માં ઘરબેઠાં ટપાલ ખર્ચ સાથે પહોંચતું થશે.

૧૦ દસ શીશી ખરીદ કરનારને ઉપર પ્રમાણેનુંજ ખરી ચાંદીના ઘરનું કેલેન્ડર વૉચ બક્ષીસ મળશે. વી. પી. ખર્ચ સાથે રૂ. ૨૬.

૧૨ બાર શીશી ખરીદ કરવાથી એક ખરાં સોનાનું લેડી વોચ બક્ષીસ મળશે. સ્ત્રીપુરૂષો તેને પોતાની છાતી ઉપર ટાંગી શકશે, ગજવામાં રાખી શકશે, અથવા કાંડા ઉપર બાંધી શકશે. ઘણું દીલકસ ઘડિયાળ છે. વી. પી. ખર્ચ સાથે રૂ. ૩૧ા ભરવા પડશે.

૨૪ બે ડઝન શીશી ખરીદ કરનારને એક ગજવામાં રાખવાનું ક્વારટર રીપીટર ઘડિયાળ બક્ષીસ મળશે. આ ઘડયાળ ગજવામાં રાખવાનું હોવા છતાં તેમાં વખત જણાવનાર ૦।--૦॥--૦॥। કલાક તથા કલાક વાગે છે. શ્રીમાનોજ તે ગજવામાં રાખી શકે. કારણ તે ઘણાં મોંઘી કીંમતનાં છે. વી. પી. સાથે રૂ. ૬૨) પડશે. રૂ. ૫) અગાઉથી ઓરડર સાથે મોકલવા.

૩૬ ત્રણ ડઝન શીશીના ઘરાકને ઉપર પ્રમાણેનુંજ ખરી ચાંદીના ઘરનુ ક્વારટર રીપીટર વોચ બક્ષીસ મળશે. રૂ. ૫) અગાઉથી મોકલવા. બાકી રૂ. ૮૭) ખર્ચ સાથે વી. પી. માં ભરવાં પડશે.

ચેતવણી.

આ ચારૂતરનું અમૃતબિંદુ સરકારમાં રજીસ્ટર કરાવ્યું છે. તમારા પોતાના ફાયદા માટે બજારમાંથી ખરીદ કરતી વખતે સાવધાન રહેજો અને રજીસ્ટર નંબર ૮૪૧-૧૦ તપાસીને પછીજ તમારાં ગજવામાં હાથ નાંખજો. નકલી માલ શોધી તે બનાવનારાઓને કોર્ટમાં સજા કરાવતાં સુધીની મદદ કરનારાઓને ઇનામ આપવામાં આવશે. સરનામું બરાબર યાદ રાખો.

અમૃતબિંદુ ઓફિસ.

કાલબાદેવી રોડ—મુંબઇ.

— ગઝલ. —

ભલે દુઃખમાં ડુબી જૈને,
        સકળ સુખને સમાવા દે;
હૃદયને ભય ભમાવે તો,
        ભુલી તું ના ભમાવા દે.
અહા ! અગ્નિ વિષે હર્ષે,
        અતી તનને તપાવા દે;
કદી તલવારની ધારે,
        ભલે ગરદન કપાવા દે.
ડુબાવે દેહને દરિયે,
        ખુશીથી તો ડુબાવા દે;
પિવાડે ઝેર તો પી લે,
        રંજે ! દિલને દુઃખાવા દે.
પડી પર્વત પરેથી હા !
        શરિરને તો છુંદાવા દે;
તથાપી ધીર ધારીને,
        નીતિને ના લુંટાવા દે.

શંકરલાલ મગનલાલ પંડયા.

પુસ્તક મલવાનું ઠેઠ-મુંબઇ ગાયવાડી માધવજી ઠાકરસીનો નવો માળો. લેખક તથા પ્રકાશક પાસેથી.

હુલદરવાસમાં ભાવસાર–રણછોડલાલ ગીરધર